**સુવિચાર**

બાળપણમાં અને યુવાનીમાં જેને મહેનતની ટેવ પડી હોય છે તે ટેવ આખી જિંદગી કામમાં આવે છે અને લાભદાયક સાબિત થાય છે.

:: સૌજન્ય ::

નિલકંઠ જવેલર્સ (લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭



પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૧૨/૧૨/૨૦૨૪, ગુરૂવાર
ફોન : ૨૨૮૪૨૨

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26

# અમરેલી એકસપ્રેસ

16 YEARS ANNIVERSARY

www.amreliexpress.com
જિલ્લાનાં આમઆદમીનું અખબાર
E-Mail : amreliexpress7@gmail.com

૧૬માં વર્ષમાં મંગલ પ્રવેશ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે



શીયાળાની કડકડતી ઠંડીમાં સ્વાદ અને સ્વાસ્થ્ય વર્ધક શુધ્ધ ઘી માં...
હરિૐ PENDAWALA
અડદીયા
ગુંદરપાક
મેથીલાડું
હરિૐ પેંડાવાળા
નવુ એસ.ટી.બસ સ્ટેન્ડ કોમ્પ્લેક્ષ, દુકાન નં.૯,અમરેલી,મો.89999 90099



તંત્રી,પ્રકાશક,માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એકસપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યુ. : વિક્રમ સંવત ૨૦૮૧ માગશર સુદ-૧૨ વર્ષ : ૧૫ અંક : ૩૦૨


## રૂકજાના નહી તુ કહી હાર કે, કાંટો પે ચલકે મિલેંગે સાયે બહાર કે, ઓ રાહી, ઓ રાહી

# અમરેલી જિલ્લાનાં "આમ આદમી"નાં અખબાર "અમરેલી એકસપ્રેસ"નો ૧૬માં વર્ષમાં મંગલ પ્રવેશ

અમરેલી, તા. ૧૧

અમરેલી જિલ્લાનાં ''આમ આદમી''નાં અખબાર તરીકે ઓળખાતા ''અમરેલી એકસપ્રેસ'' દૈનિક આજે ૧૫ વર્ષ પૂર્ણ કરી ૧૬માં વર્ષમાં પ્રવેશ કરી રહ્યું હોય શુભેચ્છકો દ્વારા અભિનંદન પાઠવવામાં આવી છે.







''અમરેલી એકસપ્રેસ'' દૈનિકે ૧૫ વર્ષમાં અનેક ચડાવ–ઉતાર પાર કરીને જિલ્લાની જનતાનાં સુખ, સુવિધામાં વધારો થાય, નાનામાં નાની વ્યકિતની વ્યથાને વાચા મળે, જિલ્લાનાં બેરોજગાર યુવાનોને રોજગારી મળે, ખેડૂતોને પોષણક્ષમ ભાવો, સિંચાઈ માટે પાણી અને વીજળી મળે, જિલ્લાનાં વાહનચાલકોને ઉત્તમ કક્ષાનાં માર્ગો મળે, બાળકોનાં આરોગ્ય અને શિક્ષણ અંગે અવારનવાર અહેવાલ પ્રસિધ્ધ કરીને સરકારનું ધ્યાન આકર્ષિત કર્યુ છે. તો વેપારી, ઉદ્યોગપતિઓ, બિલ્ડરો, મહિલાઓ કે સરકારી કર્મચારીઓની સમસ્યાને પણ વાચા આપી છે.

જિલ્લાનો સર્વાંગી વિકાસ થાય, ડો. જીવરાજ મહેતાની જન્મભૂમિમાં સુખ, શાંતિ, સમૃધ્ધિમાં વધારો થાય તેવા હેતુથી નાના પાયે શરૂ થયેલ ''અમરેલી એકસપ્રેસ''ને હરહંમેશ સાથ અને સહકાર આપનાર જિલ્લાનાં હજારો વાંચકો, વિજ્ઞાપનદાતાઓ, એજન્ટ બંધુઓ, પત્રકાર સહિત નામી–અનામી સૌ કોઈનો આભાર માનવો જરૂરી છે.

''અમરેલી એકસપ્રેસ'' દૈનિક ૧૫ વર્ષથી સરકારની જાહેર ખબર કે અન્ય સુવિધાઓ લેતુ નથી, માત્ર વાંચકો અને વિજ્ઞાપનદાતાઓનાં સથવારે દૈનિક આગળ વધી રહ્યું છે.

અમરેલી જિલ્લાનાં છેવાડાનો વ્યકિત પણ વિના સંકોચે ''અમરેલી એકસપ્રેસ''માં આવીને તેમની વ્યથા જણાવે છે, અને તેને અખબારનાં માધ્યમથી વાચા પણ આપવામાં આવે છે. કોઈની પણ શેહશરમ રાખ્યા વગર, નિઃસ્વાર્થ અને તટસ્થતાથી અહેવાલ પ્રસિધ્ધ થાય છે. કોઈપણ વ્યકિત, સંસ્થા ઉમદા કાર્ય કરે તો તેને પણ મહત્વ આપીને તેની સારી કામગીરીનો અહેવાલ પ્રસિધ્ધ થાય છે. તેમજ સરકાર દ્વારા થતાં વિકાસકાર્યોને પણ પ્રસિધ્ધિ આપવામાં આવી રહી છે.

''અમરેલી એકસપ્રેસ'' દૈનિક હંમેશા સાચાને સાચા અને ખોટાને ખોટા કહેવામાં શરમ રાખતું નથી, કોઈની ખુશામતખોરીમાં માનતુ નથી અને મીડિયાનો ધર્મ યોગ્ય રીતે બજાવી રહ્યું છે. છતાં પણ જિલ્લાનાં વાંચકો અને વિજ્ઞાપનદાતાઓ અમોને કોઈ સલાહ–સુચન કરવા માંગતાં હોય તો વિના સંકોચે કહી શકે છે અને તેનું પાલન કરવાની પણ અમારી તૈયારી હોય છે.

''અમરેલી એકસપ્રેસ'' સત્યનાં માર્ગે ચાલી રહ્યું હોય ભૂતકાળમાં અનેક પરેશાનીઓ પણ સહન કરવી પડી છે અને આજે પણ અનેક પરેશાની આવન–જાવન કરતી હોવા છતાં પણ પરમકૃપાળુ પરમાત્મા નાગનાથ મહાદેવનાં આશીર્વાદથી દૈનિકની ધારા સતત વહેતી રહી છે.

''અમરેલી એકસપ્રેસ'' દૈનિક અમરેલી જિલ્લામાં બ્રોડગેજ રેલ્વેની સુવિધા મળે, નેશનલ હાઈવેનું નિર્માણ થાય, શિક્ષણ અને આરોગ્યની ઉત્તમ કક્ષાની સેવા મળે, ઉદ્યોગોનું સ્થાપન થાય, બેરોજગારીનો પ્રશ્ન દૂર થાય, પીવાનું પાણી, ખેડૂતોનાં અને વેપારીઓનાં વિવિધ પ્રશ્નો દૂર થાય તે માટે હંમેશા પ્રયત્નશીલ રહ્યું છે અને આગામી વર્ષોમાં જિલ્લાનો વિકાસ થાય તે માટેનાં અહેવાલો પ્રસિધ્ધ કરતું રહેશે અને તેમાં આપ સૌનો સાથ સહકાર મળતો રહેશે તેવી આશા સાથે

તંત્રી – મનોજ રૂપારેલ


નિઃશુલ્ક યુરોલોજી કેમ્પ
૨ દિવસીય
નવજીવન જનરલ હોસ્પિટલ
પથરી-પ્રોસ્ટેટ-કીડની તકલીફ ?
ડૉ.જય માકડીયા યુરોલોજીસ્ટ
પથરી
Prostate Cancer
પ્રોસ્ટેટ
કીડની
તારીખ ૧૧-૧૨-૨૦૨૪, બુધવાર
સમય સાંજે ૦૬:૦૦ થી ૮:૦૦
તારીખ ૧૨-૧૨-૨૦૨૪, ગુરૂવાર
સમય સવારે ૮:૩૦ થી ૧૦:૩૦
નોંધ : નામ નોંધાવવુ ફરજીયાત છે. જરૂરીયાત મંદોને ફ્રી દવાઓ. જુના રીપોર્ટ ફાઈલો સાથે લાવવું.
કેરીયા રોડ, નાગરિક બેંકની બાજુમાં, અમરેલી
Ph. (02792) 222223
Mo.9978223000



અમરેલી એકસપ્રેસ

૧૬માં વર્ષમાં મંગલ પ્રવેશ નિમિતે

હાર્દિક શુભકામના

અમરેલી જિલ્લાના સર્વાંગી વિકાસ માટે ૧૫ વર્ષથી દિવસ-રાત ભારે જહેમત ઉઠાવતા "અમરેલી એકસપ્રેસ" દૈનિકના ૧૬માં વર્ષના મંગલ પ્રારંભે તંત્રી મનોજ રૂપારેલ અને તેમની ટીમને હાર્દિક અભિનંદન સહ "અમરેલી એકસપ્રેસ" વર્તમાનપત્ર વધુમાં વધુ સફળતાના શિખરો સર કરે તેવી શુભકામનાઓ...





શુભેચ્છક

શ્રી ઘનશ્યામભાઈ ડોબરીયા

ભાજપ અગ્રણી - સાવરકુંડલા



અમરેલી એકસપ્રેસ

૧૬માં વર્ષમાં મંગલ પ્રવેશ નિમિતે

હાર્દિક શુભકામના

અમરેલી જિલ્લાના સર્વાંગી વિકાસ માટે ૧૫ વર્ષથી દિવસ-રાત ભારે જહેમત ઉઠાવતા "અમરેલી એકસપ્રેસ" દૈનિકના ૧૬માં વર્ષના મંગલ પ્રારંભે તંત્રી મનોજ રૂપારેલ અને તેમની ટીમને હાર્દિક અભિનંદન સહ "અમરેલી એકસપ્રેસ" વર્તમાનપત્ર વધુમાં વધુ સફળતાના શિખરો સર કરે તેવી શુભકામનાઓ...





શુભેચ્છક

શ્રી ગોપાલભાઈ પી. વસ્તરપરા

મુ. ચમારડી, તા. બાબરા, જિ.અમરેલી

## કુપોષણથી થતાં ''સિક્સ સેલ એનિમીયા'' રોગથી પિડીતો વિશ્વમાં સૌથી વધુ ભારતમાં

# હે રામ : એકવીસમી સદીમાં દેશમાં ૩૩ લાખ બાળકો કુપોષિત

### ભાજપા સરકારનાં મંત્રી સંસદમાં કહે છે કે ભારતનાં ૩૯.૭ ટકા બાળકો કુપોષિત છે

અમદાવાદ, તા. ૧૧

૨૦૧૪પછીમોદીસરકારે કોંગ્રેસની મધ્યાહન ભોજન યોજનાનુ નામબદલીનેપીએમપોષણયોજનાકર્યુ પણરાજયમાંકુપોષિતબાળકોનીવધતી સંખ્યા ઉપર કોઈ ઠોસ કામ ન કર્યુ અને એટલે તેમા સતત વધારો થયો.

આજે વિશ્વમાં કુપોષણનો સામનો કરીરહેલા ૮૨ કરોડ લોકોમાંથી ૨૨ કરોડ લોકો ભારતમાં છે અને ભારતમાં ૩૩ લાખબાળકોકુપોષિતછે તેમાંઅડધાથીવધુઅતિ ગંભીરકુપોષિત છે, જેમા ડબલએન્જીનધરાવતુ ગુજરાત ટોચ પર છે.

૨૦૧૮માં અન્ન ત્રિવેણી યોજનાઅંતર્ગત ૧૪આદિજાતીજીલ્લામાં અભ્યાસકરતાબાળકોનામાતા–પિતાને અનાજ આપવાની અને દૂધ સંજીવની

### દેશનાં ભવિષ્ય માટે યોજનાનાં નામો બદલવાથી નહી શાસકોએ માનસિકતા અને ઈચ્છાશકિત બદલવી જોઈએ

યોજના અંતર્ગત શાળાના બાળકોને દુધ આપવાની યોજના શરૂ કરી પરંતુ રાજયમાંકુપોષિતબાળકોનીસંખ્યાવધી રહી છે. એ સ્પષ્ટ કરે છે આ યોજનાઓ માત્ર કાગળ ઉપર ચાલે છે, જનતા સામે માત્ર ડ્રામા થઈ રહ્યો છે.

નેશનલફેમિલીહેલ્થ સર્વે ૫ (એનએફએચ૫)મુજબ ભારતના સૌથી કુપોષિતજિલ્લાનો એકસર્વેમુજબદેશમાં કુલઅતિકુપોષિતટોપ ૧૦જિલ્લાઓમાં ગુજરાતના૫જીલ્લાઓડાંગ૫૩.૧%ટકા અને દાહોદ ૫૩% સહિત, નર્મદા, પંચમહાલ અને તાપી છે અને આ સુપોષિતટોપ ૧૦જીલ્લામાં ગુજરાતનો એકપણ જિલ્લો આવ્યો નથી. આમ આ આદીવાસી જીલ્લાઓમાં સરકારે કરેલા કામોનો કરૂણતા ભરેલો વહીવટી હિસાબ

### દેશનાં સળગતા પ્રશ્નોનો નિકાલ કરવા માટે સરકારે વધારે ધ્યાન આપવાની જરૂર

છેઅનેમાર્ચ૨૦૨૨માંસંસદમાંરજુકરેલ મંત્રી ઈરાનીએ નેશનલ ફેમિલી હેલ્થના સર્વેકહેછેગુજરાત૩૯.૭ટકાબાળકોમાં સૌથી વધુ કુપોષિત છે, દેશમાં ગુજરાત સૌથી ઉપર આવ્યું હતુ.

ગુજરાત કોંગ્રેસના પ્રવકતા મનહર પટેલની કેન્દ્ર અને રાજય સરકાર સામે માંગ છે કે ગુજરાતમાં આદિવાસી વિસ્તારના જીલ્લાઓમાં કુપોષણથી થતાં ''સિકલ સેલ એનિમીયા'' રોગથી પિડીત દર્દીઓ સૌથી વધુ સંખ્યા અને વધી પણ રહી છે, આ રોગ સામે લડવા માટે રાજય કે કેન્દ્રની સરકારે આજ દિવસ સુધી કોઈ ઠોસ કાર્યક્રમ કે યોજના શરૂ કરેલ નથી.

### પ્રદેશ કોંગ્રેસનાં પ્રવકતા મનહર પટેલે ભાજપ સરકારની કુપોષણ નાબૂદીની નિષ્ફળતાને ઉજાગર કરી

''સિકલ સેલ એનિમીયા'' આ ખતરનાક રોગ છે, દેશની યુવાધનને નાશ કરનારો છે, ઘણીવાર બાળકને ગર્ભમાંથી પણ મળે છે આ રોગથી પ્રભાવીત વિસ્તાર અને લોકો માટે નિયમિત લોક જાગૃતિ–નિદાન અને તેના ખોરાક ઉપર રાજય સરકારે સતત નિરિક્ષણ કરીને લાંબાગાળાની યોજના તૈયાર કરી તેને વહેલી તકે કાર્યાન્વિત કરવામા આવે અને કોઈપણ સંજોગોમાં ''સિકલ સેલ એનિમીયા'' ઉપર કાબુ મેળવવામાં આવે.

---

## એશિયાનાં ગૌરવસમા સિંહોની પજવણી કરવી એ ગુન્હો છતાં

# ગીરકાંઠાનાં ગ્રામ્ય વિસ્તારમાં સિંહોની પજવણીનો વિડીયો વાયરલ થતાં તપાસ શરૂ

### એક સિંહબાળ ટિખ્ખળ ટોળી સામે થતાં સૌને પરસેવો વળી ગયો



અમરેલી, તા. ૧૧

અમરેલી જિલ્લાના ગીરના ગામ્ય વિસ્તારમાં સિહોની પજવણીનો વધુ એક વીડિયો સામે આવ્યો છે. જેમાં ૭ થી ૮ જેટલા સિંહોના ટોળાને જોવા ટીખ્ખળખોર કાચા રસ્તા પર ચારેય બાજુથી ઘેરી લેતા એક સિંહબાળ ટીખ્ખળ ખોરની પાછળ દોડતા ટીખ્ખળખોરના છક્કા છૂટી જતાં રાડ નીકળી જવા પામી હતી. આ સિંહ પજવણીનો વીડિયો સોશ્યલ મીડિયામાં વાયરલ થતાં વનવિભાગ દ્વારા તપાસનો ધમધમાટ શરૂ કરી ટીખ્ખળખોરોની શોધખોળ આદરી છે.

અમરેલી જિલ્લાના ગીર વિસ્તારમાં એશિયાટીક સિંહોનો વસવાટ હોય અને હાલ લગ્નગાળાની સિઝન ચાલતી હોય. ત્યારે કેટલાંક લોકો ગ્રામ્ય વિસ્તારમાં ગેરકાયદેસર સિંહ દર્શન કરવા અને સિંહોની પજવણી કરતાં હોવાના અનેક બનાવો સામે આવ્યા છે. ત્યારે સિંહોની પજવણીનો વધુ એક વીડિયો સામે આવ્યો છે.

અમરેલી જિલ્લાના એક ગીરના ગામ્ય વિસ્તારમાં ૭થી ૮ જેટલા સિંહોના ટોળાને જોવા માટે કેટલાંક ટીખ્ખળખોરો એકઠા થયા હતા. એક કાચા રસ્તા પર ચારેય બાજુથી સિંહના ટોળાને આ ટીખ્ખળખોરોએ ઘેરી લઈ અને સિંહોની પજવણી શરૂ કરી હતી. ત્યારે સિંહનાં ટોળામાંથી એક સિંહબાળ ટીખ્ખળખોરોની પાછળ દોડતા ટીખ્ખળ ખોરના છક્કા છૂટી જતાં અને મોં માંથી રાડ નીકળી જવા પામી હતી.

આ સિંહ પજવણીનો વીડિયો સોશ્યલ મીડિયામાં વાયરલ થતાં વનવિભાગ દ્વારા તપાસનો ધમધમાટ શરૂ કરી ટીખ્ખળખોરોની શોધખોળ આદરી છે.

---

## જમવા બેસેલ તે વખતે ડખ્ખો

# રાજુલાનાં કડીયાળી ગામે ગાળો બોલવાની ના પાડવા બાબતે બઘડાટી

### એક યુવકનાં ખિસ્સામાંથી ૨ હજારની લૂંટ

અમરેલી, તા. ૧૧

રાજુલા તાલુકાના કડીયાળી ગામે રહેતા ધીરૂભાઈ ઉર્ફે મુકેશ બાવભાઈ ખુમાણ નામના ૩૦ વર્ષિય યુવક તથા તે જ ગામે રહેતા સામતભાઈ નામના આરોપી જમવા બેસેલ ત્યારે આરોપી ગાળો બોલતો હોય. યુવકે ગાળો બોલવાની ના પાડતા આરોપી એકદમ ઉશ્કેરાઈ જઈ યુવક તથા સાહેદોને લાકડી વડે શરીરે આડેધડ મૂંઢ માર મારી ઈજા કરી તથા યુવકનાં ખિસ્સામાં મજૂરીના રૂપિયા ૨૦૦૦ પડેલ હોય જે ખિસ્સામાંથી કાઢી લઈ લૂંટ કરી યુવક સહિતનાઓને મારી નાખવાની ધમકી આપ્યાની ફરિયાદ પોલીસમાં નોંધાઈ છે.

---

# રાજુલાના ઝાપોદર ગામના આર્મીમેન ટ્રેનિંગ પૂરી કરીને આવતા સન્માન કાર્યક્રમ યોજાયો



રાજુલા, તા. ૧૧

રાજુલા તાલુકાના જાપોદર ગામના આર્મીમેન જોળિયા કેતન દાનાભાઈ જે આર્મીની ટ્રેનિંગ પૂરી કરીને પરત ફરતા સમગ્ર જાપોદર ગામના ગામ લોકોએ ભવ્ય સ્વાગત કાર્યક્રમનું આયોજન કરેલ તેમાં રાજુલા માર્કેટિંગ યાર્ડથી ભવ્ય બાઈક રેલી કાઢવામાં આવેલી જે જાપોદર ગામ સુધી આ ભવ્ય રેલીનું આયોજન કરવામાં આવેલું અને ત્યારબાદ ઝાપોદર ગામના સરપંચ તેમજ સમગ્ર સરપંચ એસોસિયનના પ્રમુખ મનુભાઈ ધાખડાના નિવાસસ્થાને સન્માન સ્વાગત કાર્યક્રમનું ભવ્ય આયોજન કરવામાં આવેલું ત્યારે આ નાના એવા ગામમાં પ્રથમવાર એક યુવાન આર્મીમેનમાં જોડાતા સમગ્ર ગામમાં ખુશીનો માહોલ જોવા મળ્યો અને ગામમાં એક દિવાળી જેવો તહેવાર હોય તેવો ઉત્સાહ જોવા મળ્યો રાજુલા તાલુકાનું આ ઝાપોદર ગામ જેમાં ફકત ૬૪૬ જણાની વસ્તી અને આવા નાના એવા ગામમાં આ યુવાન આર્મીમાં જોડાતા કંઈક અનોખો જ માહોલ જોવા મળ્યો ઘરે દીવડા પ્રગટાવવામાં આવ્યા અને લાપસી બનાવવામાં આવી.

---

## ૪ સિંહોનો વિડીયો સોશ્યલ મીડિયામાં વાયરલ

# ખાંભાનાં રહેણાંક વિસ્તારમાં બે સિંહણ અને બે સિંહબાળે કર્યુ ગાયનું મારણ

### ગામજનોને ઘર આંગણે સિંહ દર્શન થયા



તસ્વીર : ભાવિક કલસરિયા–ખાંભા

ખાંભા, તા. ૧૧

ખાંભા રેવન્યુ બાદ હવે રહેણાંકવિસ્તારમાંસિંહોમારણમાટેઆવે છે ત્યારે ગત રાત્રી ના આવી ઘટના સામે આવી છે ખાંભાના આનંદ સોસાયટીના કોમન પ્લોટમાં આવેલ હનુમાન જી મહારાજ મંદિર નજીક રાત્રીના ૧૧:૩૦ કલાક આજુબાજુ બે સિંહણ અને બે સિંહબાળ મારણની શોધમાં આવી ચડયા હતા. જયારે આ ગ્રુપ દ્વારા મંદિર નજીક જ એક ગાયનું મારણ કર્યુ હતું અને મિજબાની માણી હતી. સિંહોના ગ્રુપ દ્વારા સોસાયટીમાં મારણ કર્યુ હોવાના સમાચાર ગામ તેમજ આજુબાજુની સોસાયટીમાં ફેલાતા મોટી સંખ્યામાં લોકો જોવા આવી ચડયા હતા અને મોડી રાત સુધી સિંહોના ગ્રુપ દ્વારા મારણની મિજબાની માણી હતી અને લોકોએ આ નજારો કેમેરામાં કેદ કર્યો હતો. જયારે બાદમાં આ તમામ વિડીયો સોશ્યલ મીડિયામાં ફરતા થયાં હતા. હજુ થોડા દિવસો પહેલા જ સરકારી હોસ્પિટલની નજીક આવેલ એક અવેડા પાસે મારણની ઘટના સામે આવી હતી. જયારે હાલ લોકો આ સિંહોને લઈ ચર્ચા કરી રહ્યાં છે.

---

## બે આરોપીઓએ ઢીકાપાટુનો માર માર્યો

# ધારીની ફોરેસ્ટ કોલોનીમાં રહેતાં ફોરેસ્ટ ગાર્ડની ફરજમાં રૂકાવટ

### સ્થાનિક પોલીસે ગુન્હો નોંધી તપાસ આદરી

અમરેલી, તા. ૧૧

ધારીના ચલાલા રોડ ઉપર આવેલ ફોરેસ્ટ કોલોનીમાં રહેતા પ્રકાશગર લહેરગર ગોસાઈ નામના ૩૦ વર્ષિય ફોરેસ્ટ ગાર્ડ તા.૧૦/૧૨/૨૪ના રોજ સવારે ૧૦/૩૦ વાગ્યે પોતાની બીટ વિસ્તારમાં સિંહ લોકેશન ટ્રેક કરવાની ફરજમાં હોય તે દરમિયાન ફોરેસ્ટગાર્ડના ફોનમાં ઉપરી અધિકારીનો ફોન આવતા તે પોતાની બીજી ફરજ બજાવવા માટે થઈ ધારી ફોરેસ્ટ ઓફીસે આવતા હતા તે વખતે ધારી, વેકરીયાપરામાં પહોચતા ધારી તાલુકાના માણાવાવ ગામે રહેતા આરોપી વનરાજભાઈ બચુભાઈ વાળા તથા અજીતભાઈ બચુભાઈ વાળાએ ફોરેસ્ટ ગાર્ડને રસ્તા વચ્ચે ઉભા રાખતા ફોરેસ્ટ ગાર્ડએ જવા દેવાનું કહેતા આરોપીએ ફોરેસ્ટ ગાર્ડને ફરજ ઉપર જવા નહી દેવાનું કહી અવરોધ કરી આરોપીઓએ ફોરેસ્ટ ગાર્ડને જેમ ફાવે તેમ ગાળો આપી કાઠલો પકડી નીચે પછાડી દઈ બન્ને આરોપીઓએ શરીરે ઢીકાપાટુનો માર મારી જાનથી મારી નાખવાની ધમકી આપી કાયદેસરની ફરજમાં રૂકાવટ કર્યાની પોલીસમાં ફરિયાદ નોંધાય છે.

---

## અંતે ઘીનાં ઠામમાં ઘી પડી ગયું

# અમરેલીની ભાજપ શાસિત પાલિકામાં મુકાયેલ અવિશ્વાસની દરખાસ્ત પરત ખેંચાઈ

### નારાજ સદસ્યોને રાજી કરી દેવામાં આવ્યા

અમરેલી, તા.૧૧

ભાજપ શાસિત્ત અમરેલી નગરપાલિકામાંભાજપનાજસદસ્યોમાં લાંબાસમયથીસર્જાયેલનારાજગીઅંગે પાલિકા પ્રમુખ સામે નારાજ ભાજપના પુર્વબેઉપપ્રમુખહાલનાઉપપ્રમુખસહિત ૧૭સદસ્યોદ્વારાઅવિશ્વાસનીદરખાસ્ત ચીફ ઓફિસરને કરવામાં આવેલ હતી. જેમાં જિલ્લા ભાજપની દરમ્યાનગીરિથી નારાજ સદસ્યોએ અવિશ્વાસની દરખાસ્ત પરત ખેંચતા ઘીના ઠામમાં ઘી પડી ગયેલ હતું. પરંતુ હજુ આગામી સામાન્ય સભામાં શું થશે તે હાલ કહેવું મુશ્કેલ છે.

પ્રાપ્ત વિગત મુજબ અમરેલી નગરપાલિકામાં છેલ્લા ચાર વર્ષથી ભાજપનું શાસન ચાલી રહેલ છે. અમરેલીની જનતાએ ભાજપને ખોબલે ખોબલે મત આપી ૪૪ બેઠકોમાંથી ૩૫ બેઠકો ઉપર ભાજપને જળહળતો વિજય આપેલ હતો. જયારે કોંગ્રેસના ફાળે ૯ બેઠકો ગયેલ હતી. હાલ બંને પક્ષમાંથી એક એક મહિલા સદસ્યએ રાજીનામા આપી દેતા ભાજપ પાસે ૩૪ અને કોંગ્રેસ પાસે ૮ સદસ્યોનું સંખ્યાબળ છે. પ્રમુખ પદની બીજી ટર્મ ચાલી રહેલ છે જેમાં ભાજપના સદસ્યોએ બિપીનભાઈ લીંબાણીને અઢી વર્ષ માટે પ્રમુખપદની મહોર મારેલ હતી. પ્રમુખપદના એક વર્ષના શાસનમાં જ પ્રમુખના વહીવટ સામે નારાજગીનો દાવાનળ સળગી ઉઠેલ હતો. પાલિકા પ્રમુખ દ્વારા ગત ૨૫ મી ઓકટોબરના રોજ સામાન્ય સભાનો એજન્ડા બહાર પાડેલ હતો. પરંતુ સામાન્ય સભાનો એક દિવસ બાકી હતો ત્યારે જ પ્રમુખ દ્વારા સામાન્ય સભા સ્થગિત કરવાની જાહેરાત કરવામાં આવતા નારાજ સદસ્યોમાં ભારે વિરોધનો વંટોળ ઉઠેલ હતો. પાલિકા પ્રમુખના વહીવટ સામે નારાજ પાલિકાના બે પૂર્વ પ્રમુખ, હાલના ઉપપ્રમુખ સહિત સતર સદસ્યોએ પ્રમુખ સામે અવિાસની દરખાસ્ત ચીફ ઓફીસર તેમજ કલેકટર તેમજ નગર પાલિકા પ્રાદેશિક કમિશ્નર ભાવનગરને રજુ કરવામાં આવેલ હતી.

ભાજપના જ સદસ્યોમાં પ્રમુખના વહીવટ સામે નારાજ સદસ્યો તેમજ પ્રમુખ સાથે જિલ્લા ભાજપના હોદેદારોએ બેઠક યોજી નારાજ સદસ્યોને સમજાવી હાલ અવિશ્વાસની દરખાસ્ત પરત ખેંચવા વિશ્વાસમાં લેવામાં આવેલ હતાં. ભાજપના જ પરિવારમાં સર્જાયેલ ગેર સમજને જિલ્લા ભાજપના આગેવાનો, ધારાસભ્ય સહિતનાઓની મધ્યસ્થિથી ગેર સમજ દૂર કરતા હાલ ઘીના ઠામમાં ઘી પડી જતાં આજે અવિશ્વાસની દરખાસ્ત પરત ખેંચવામાં આવેલ હતી. જો કે આગામી સામાન્ય સભામાં શું થશે તે કહેવું હાલ મુશ્કેલ જણાય રહેલ હોવાનું નારાજ સદસ્યોમાં ચર્ચાય રહેલ હતું.

---

# ધારીનાં પ્રૌઢ સાથે વાહન ખરીદવાનાં નામે છેતરપીંડી

અમરેલી, તા. ૧૧

જીગરભાઈ પ્રેમજીભાઈ કોટક નામના આરોપીએ ધારીના સરસીયા રોડ રેલ્વે ફાટક પાસે રહેતા મહેબુબભાઈ સુલેમાનભાઈ મહેતર નામના ૪૬ વર્ષિય ડ્રાઈવર પાસેથી બોલેરો પીકઅપ ખરીદવાના બહાને રૂપિયા ૩,૪૦,૦૦૦ લઈને ડ્રાઈવરને ગાડી નહી આપી તેમની સાથે છેતરપીંડી અને વિસઘાત કર્યાની પોલીસમાં ફરિયાદ નોંધાય છે.

---


## જાહેર નોટિસ

### અમરેલી જિલ્લાના અમરેલી તાલુકાના શેડુભાર ગામે

**શેડુભાર ગામના સર્વે નં.૨૦૭ પૈકી ૭**

આથી જાહેર જનતાને આ નોટીસ આપી જાણ કરવાની કે, અમરેલી જિલ્લાનાં અમરેલી તાલકુાનાં શેડુભાર ગામનાં સર્વે નં.૨૦૭ પૈકી ૭ ની જમીન આવેલ છે. નીચે મુજબની વિગતેનાં માલીકો પાસેથી અમારા અસીલ ખરીદ માંગે છે.

| ગામ | ખાતા નં. | સર્વે નં. | હે.આરે.ચો.મી | માલીકના નામ |
|---|---|---|---|---|
| શેડુભાર | ૩૪૮ | ૬૦૭ પૈકી ૭ | ૦–૯૧–૦૫ | મુળજીભાઈ જેઠાભાઈ<br>રાજીબેન જેઠાભાઈ<br>દિવાળીબેન જેઠાભાઈ<br>મણીબેન જેઠાભાઈ<br>રતનબેન જેઠાભાઈ |

ઉપરોકત ખેતીની જમીન ટાઈટલ કે માલીકી કબ્જો સંબંધે જો કોઈને કાઈપણ પ્રકારનો વાંધો તકરાત હોય કે લાગભાગ, હક્ક, હિત, હિસ્સો, દરદાવો, ગીરો, કરજ, બોજો, વારસાઈ હક્ક, ભરણ–પોષણના હક્કો કે અન્ય કોઈપણ પ્રકારના હક્ક, હીત, હીસ્સો હોય તો નોટિસ પ્રસિધ્ધ થયે દિવસ–૧૦ (દશ)માં નીચેના સરનામે આધાર પુરાવા સાથે જાણ કરવી. મુદત દરમ્યાન કોઈના વાંધો તકરાર નહિ આવે તો કોઈને તકરાર નથી. અને જો હોય તો સ્વેચ્છાએ જતો (WAVE) કરેલ છે. તેમ માની અમારા અસીલ સદરહું ખેતીની જમીન ખરીદ કરવા અંગેની તમામ કાયદેસરની કાનૂની કાર્યવાહી પૂર્ણ કરી વેચાણ દસ્તાવેજો કરાવી લેશે. અને ઉપરોકત ખેતી જમીનના ટાઈટલ સંભાળી લેશે. ત્યારબાદ કોઈના વાંધા – તકરાર અમારા અસીલને શુધ્ધ – બુધ્ધિના ખરીદનાર તરીકે બંધનકર્તા રહેશે નહી. જેથી આથી લાગતા વળગતા તથા જાહેર જનતાએ સ્પષ્ટ નોંધ લેવી.


---

## લીલીયા તાલુકામાં ઓડિટ બાબતે અરજી કરી પ્રેસ આઉટ કરતા

# અમરેલી જિલ્લા પ્રાથમિક શૈક્ષણિક મહાસંઘનાં મહામંત્રી પદેથી મહેન્દ્રભાઈ કાવઠીયાને દુર કરાયા

### મહાસંઘનું પ્રાથમિક સભ્યપદ પણ રદ કરી દેવાયું

લીલીયા મોટા, તા. ૧૧

લીલીયા મોટા તાલુકામાં ઓડિટનાં નામે ઉઘરાણા થયાનો આક્ષેપ પર પ્રાથમિક શૈક્ષિક મહાસંઘના મહામંત્રી મહેન્દ્રભાઈ કાવઠીયાને હોદા પરથી અને રાજય પદેથી દુર કરવામાં આવ્યા છે.

આ અંગે પ્રાથમિક શૈક્ષિક મહાસંઘનાં અધ્યક્ષની યાદીમાં જણાવેલ છે કે અમરેલી પ્રાથમિક મહાસંઘની કારોબારી બેઠક અમરેલી મુકામે યોજાઈ. કારોબારી બેઠકમાં મહેન્દ્રભાઈ કાવઠીયા દ્વારા લીલીયા તાલુકાની ઓડિટ બાબતે કરેલી અરજી અને પ્રેસનોટ અંગે ચર્ચા કરવામાં આવી. આ બાબતે મહેન્દ્રભાઈ કાવઠીયાએ સંગઠનને વિશ્વાસમાં લીધેલ ન હતું કે જરૂરી આધાર પુરાવા રજૂ કરેલ ન હતા. વળી, આવી કોઈ ફરિયાદ કોઈ આચાર્ય કે શિક્ષક દ્વારા સંગઠનને મળેલ નથી, અને તેમની ફરિયાદ સંપૂર્ણ તથ્ય વગરની જણાય છે.

આ વિગતે પ્રાથમિક શૈક્ષિક મહાસંઘ – ગુજરાત પ્રાંતના જવાબદાર કાર્યકર્તાઓ સાથે વિચાર વિમર્શ કરી માર્ગદર્શન મેળવવામાં આવેલ.

મહેન્દ્રભાઈ કાવઠીયાના આચાર–વિચાર કાર્ય પ્રણાલી અને અનુશાસન સંગઠનના સિદ્ધાંતોને અનુરૂપ ન હોય કારોબારી સભાએ મહેન્દ્રભાઈ કાવઠીયાએ પ્રાથમિક શૈક્ષિક મહાસંઘ – અમરેલી જિલ્લાના મહામંત્રી તરીકેના દાયિત્વ, તેમજ નગર પ્રાથમિક શૈક્ષિક મહાસંઘ – અમરેલીના અતિરિકત મહામંત્રી તરીકેના દાયિત્વમાંથી મુકત કરેલ છે. આ ઉપરાંત મહેન્દ્રભાઈ કાવઠીયાનું પ્રાથમિક સચ્ય પદ પણ રદ કરેલ છે.

પ્રાથમિક શૈક્ષિક મહાસંઘ – અમરેલી જિલ્લાને મહેન્દ્રભાઈ કાવઠીયા સાથે કે તેમની અરજી સાથે કંઈ જ લાગતું વળગતું નથી તેમ અમરેલી જિલ્લા શૈક્ષિક મહાસંઘ સંગઠન પરિવારની યાદી જણાવે છે. તેમ અંતમાં જણાવેલ છે.

# ચૂંટણીમાં આપેલ વચનોનું એક પછી એક પાલન કરતાં ધારાસભ્ય કસવાલા

# સાવરકુંડલાનાં જૂના સાવર પંથકમાં ૩ કરોડનાં ખર્ચે વિકાસ કાર્યોની વણઝાર

**સમગ્ર પંથક છેલ્લા ૩ દાયકાથી વિકાસની ગતિમાં પાછળ હોય હવે વિકાસે દોટ મુકી**

**રાજકીય હરીફો પણ અંદરથી માની રહ્યા છે કે સાવરકુંડલા પંથકમાં વિકાસ થતો જોવા મળે છે**

**આગામી ૩ વર્ષમાં નાવલી રીવરફ્રન્ટ સહિતનાં અનેક કાર્યો પૂર્ણ કરી દેવાશે**

**ભાજપનાં આગેવાનોની ઉપસ્થિતિમાં વિવિધ વિકાસ કાર્યોનું ધારાસભ્યનાં વરદ્હસ્તે ભૂમિપૂજન થયું**



સાવરકુંડલા, તા. ૧૧

રાજકારણમાં અભી બોલા અભી ફોક જેવા રાજનેતાઓ હોય છે પણ સાવરકુંડલા-લીલીયા માટે આશીર્વાદરૂપ કાર્યના પ્રેરણા સમાન ધારાસભ્ય મળ્યા હોય તો તે છે મહેશભાઈ કસવાળા. સાવરકુંડલા-લીલીયા વિધાનસભાની ચૂંટણી ટાઈમે ભાજપ દ્વારા ઉમેદવાર તરીકે નામાંકન થયેલા મહેશ કસવાળા પ્રત્યે અનેક વાતો વિરોધી જૂથો દ્વારા ઉડાડવામાં આવેલ કે અમદાવાદના છે ને ચૂંટણી લડવા આવ્યા છે. ત્યારે એકમાત્ર મહેશ કસવાળાએ છાતી ઠોકીને કહેલું કે હું લડવા માટે નહીં પણ તમારા વિકાસનો પર્યાય બનવા આવ્યો છું ને ચૂંટાઈને આવીશ તો સાવરકુંડલા-લીલીયાનું ઋણ અદા કરીશ ને ચૂંટાઈને આવ્યા બાદ એક પણ દિવસ એવો નથી ગયો કે ધારાસભ્ય મહેશ કસવાળા દ્વારા ગાંધીનગર સચિવાલયોમાં, મંત્રીઓ, મુખ્યમંત્રી પાસે જઈને માત્ર સાવરકુંડલા- લીલીયાના વિકાસની રજુઆતો કરી. જેના ફળસ્વરૂપે રાજયની સંવેદનશીલ સરકાર દ્વારા મુકત મને વિકાસની હારમાળા વરસાવતી આવી છે. જેના ભાગરૂપે શેત્રુંજી નદી કાંઠાનો વિસ્તાર ગણાતો જૂનાસાવર ગામને ૧.૪૪ કરોડના ખર્ચ નવું પ્રાથમિક આરોગ્ય કેન્દ્રનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું સાથે સાથે ૧.૫૦ કરોડના ખર્ચ જૂના સાવરથી જીરા રોડ રેલ્વે સ્ટેશન સુધીના રસ્તાનું નવીનીકરણનો શુભારંભ ધારાસભ્ય મહેશ કસવાળાના વરદહસ્તે કરવામાં આવ્યો હતો.

આ પ્રસંગે જીલ્લા પંચાયત આરોગ્ય સમિતીના ચેરમેન અનિભાઈ કુંજડીયા, તાલુકા ભાજપા અધ્યક્ષ જીવનભાઈ વેકરીયા, સાવરકુંડલા શહેર ભાજપા અધ્યક્ષ પ્રવીણભાઈ સાવજ, જિલ્લા પંચાયત સદસ્ય પુનાભાઈ ગજેરા, સરપંચ કલ્પેશભાઈ કાનાણી, તાલુકા પંચાયત સદસ્ય મનુભાઈ ડાવરા, કાંતિભાઈ કાનાણી (તાલુકાદાર), તાલુકા યુવા મોરચાના પ્રમુખ મહેશ ભાલાળા, પ્રવીણભાઈ ભાલાળા, કનુભાઈ ગોરી, અંકિતભાઈ કાનાણી, સંજયભાઈ લહેરી, કેરાળા સરપંચ ધીરૂભાઈ, ધનજીભાઈ વઘાસીયા, નાથાભાઈ સોરઠીયા, ભરતભાઈ ડાવરા સહિતનાં બહોળી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા. તેમ 'અટલધારા' કાર્યાલયના ઈન્ચાર્જ જે.પી. હીરપરાએ અખબારી યાદીમાં જણાવ્યું છે.

## મોટા ગોખરવાળાનાં યુવકનું લંડનમાં અચાનક અવસાન થતાં પરિવાર પર આભ ફાટયું

અમરેલી, તા. ૧૧

કોઈ મહાપુરૂષે લખ્યું છે કે ન જાણ્યું જાનકી નાથે સવારે શું થવાનું આવી જ એક કરૂણાંતિકા મોટાં ગોખરવાળા રાજપૂત ક્ષત્રિય સમાજ નાં ભાટી પરિવાર પર સાથે ઘટી છે ભાટી પરિવાર માં જન્મેલા અને ઉછરેલ બાળક ભણીગણીને આગળ વધનાર જયરાજસિંહ ભાટી અતી સરળ હસમુખો તરવરીયો અને ઉત્સાહી નવયુવાન પોતાનાં પરિવાર નો સહારો બનવા સક્ષમ થતાં એક વર્ષ પહેલાં જ પ્રભુતા માં પગલાં માંડ્યાં બાદ વ્યવસાય અને અભ્યાસ માટે લંડન જવા નીકળ્યા બાદ તેમનાં પરિવારજનોએ પોતાનો વ્હાલસોયો એક નાં એક પુત્ર વિદેશ ગમન કરતાં હરખ હેલી ચડી હતી અને હોશે હોશે અલવિદા કહેલ પરંતુ વિધિની વક્રતા સમજો કે કુદરત નો ક્રુર પ્રહાર પણ આ ભાટી પરિવારનાં મોભીની આ અંતીમ સફર હશે અને પરદેશની ધરતી તેને પોકારતી હશે એ ક્યાં કોઈને ખબર હતી ત્યારે લંડન પહોંચ્યા બાદ માત્ર થોડા દિવસમાં જ અચાનક હૃદયનો જોરદાર એટેક આવતાં ભાટી પરિવાર નો એક નો એક પુત્ર અજાણી ભોમકા પર પોતાનું પ્રાણ પંખિડુ ઉડી જતાં



ત્યાં સ્થિત સગાં સંબંધીઓને જાણ થતાં તાત્કાલિક હોસ્પિટલ લઈ જતાં ડોક્ટરે મૃત જાહેર કર્યા બાદ મોટાં ગોખરળવાળા સ્થિતિ તેમનાં હતભાગી માત પિતા ને પરિવાર ને જયરાજસિંહ આ ફાની દુનિયા છોડી ગયા ની જાણ કરતાં હસતાં ખેલતા પરિવાર પર આભ તુટી પડ્યું હતું ત્યારે હસતો ખેલતો અને આનંદની અનુભૂતિ સાથે વિદેશ ગમન કરનાર મહેન્દ્રસિંહ પોતાનાં જીવનનો આધાર અને ઘડપણની લાકડી સમાન એક નાં એક દિકરા જયરાજસિંહનું છેલ્લીવાર મોઢું જોવાં પોતાના સંતાનને વતન પરત લાવવા અથાક પ્રયત્નો કર્યા અને પોતાના દિકરાનો નશ્વર દેહ લાવવામાં દસ દિવસ જેટલો સમય પસાર થશે તેની જાણ હોવા છતાં પોતાનાં હૃદય ને વજ્ર નું કરી પોતાનાં પરિવાર ને કે મૃતક જયરાજસિંહનાં નવપરિણીત ધર્મ પત્નીને જાણ સુદ્ધાં પણ થવા દીધી ન હતી ત્યારે આ અંદરથી ભાંગી ગયેલા છતાં દસ દસ દિવસ સુધી વજ્ર નું કલેજું રાખનાર એક પીતા ની ધીરજ અને હિંમત ને પણ બિરદાવી ઘટે આજે દસ દિવસ બાદ પોતાનાં દિકરાનો મૃતદેહ ગોખરવાળા લાવવા સફળ રહ્યાં બાદ આજ રોજ તા ૧૨/૧૨/૨૦૨૪ નાં રોજ પોતાના વ્હાલસોયાનો મૃતદેહ ગોખરવાળા આવશે અને સાંજના ચાર કલાકે તેમની અંતિમ વિધિ થશે ત્યારે જયરાજસિંહનાં આવાં અચાનક અને અકાળે અવસાનથી ભાટી પરિવાર પર આભ તુટી પડયો છે ત્યારે સમગ્ર સગા સંબંધી સ્નેહી સ્વજનો અને સારાએ સમાજ સહિત સમગ્ર પંથકમાં આ અઘટીત ઘટનાં થી શોકની લાગણી પ્રસરી છે ત્યારે કોઈ એ કહ્યું છે ને કે મળશું મેળે ખેલે મળશું ગામ ગામતરે ગીયે પણ એક નહીં મળીએ આ જમીન ઢક થીયે અનેક આક્રંદ અને મુસીબતોના પહાડો તુટી પડ્યાં છતાં જન્મ અને મૃત્યુ એ ઈશ્વરની અવિરત ચાલનારો ઘટનાક્રમ છે જેમાં ગમે તેવાં ચમરબંધી માનવીઓ વામણાં સાબિત થાય છે અને નાં છુટકે અને ભારે હૃદયે હરી ઈચ્છા બળ વાન તેમ કહીને જ મનને વાળવું પડે ત્યારે જેનાં નામ આગળ સ્વ લખતાં હૈયું હચમચી જાય છતાં લખવું જ પડે કે સ્વ. જયરાજસીહ નાં દિવંગત આત્મ ને પરમ કૃપાળુ પરમાત્મા શાંતિ આપે અને તેમનાં પરિવારજનો પર આવી પડેલ અણધારી આફત સહન કરવાની પ્રભુશક્તિ આપે એજ અભ્યર્થના અશોકસિંહ તલાટીયા ચલાલા.

## રાજુલા : નવનાત સમસ્ત વણિક સમાજ દ્વારા સ્નેહમિલન કાર્યક્રમ યોજાયો

રાજુલા, તા. ૧૧

નવ નાત સમસ્ત વણિક સમાજનું ભવ્યતાથી ભવ્ય સ્નેહ મિલન, સાંસ્કૃતિ કાર્યક્રમનું સંમેલન અને ભોજન સમારંભ છસ્સો આસપાસ સમાજ શ્રેષ્ઠીઓએ પરિવાર સહિત હાજરી આપેલ કાર્યક્રમનું સ્વાગત પ્રવચન વિપુલભાઈ લહેરી કરેલ મુખ્ય મહેમાન ઈન્ટરનેશલ પ્રમુખ પ્રશાંતભાઈ શાહ નગુજરાત પ્રદેશના નવનાત વણિક સમાજના મંત્રી મુન્નાભાઈ મલકાણએ ખાસ હાજરી આપેલ હતી.

જ્ઞાતિ રત્નો જેવાકે બિપીનભાઈ લહેરી, ઉમેશભાઈ મોદી, રસિકભાઈ પારેખ, નવીનભાઈ સોની, સુરેશભાઈ સોની, દિનેશભાઈ દોશી વિગેરે વડીલોની ખાસ ઉપસ્થિત રહ્યા હતાં.



કાર્યક્રમને સફળ બનાવવા જ્ઞાતિ પ્રમુખ સુરેશભાઈ તારા પરા સલાકાર બોર્ડની ટીમ, યુવક મંડળ પ્રમુખ રોનકભાઈ શાહ અને તેની પૂરી ટીમ, મહિલા મંડળના પ્રમુખ જીયાબેન શેઠ તેમની ટીમ, પી.આર.ઓ કૌશિકભાઈ દોશી, રવી શેઠ, આશિષભાઈ પારેખ, પિયુષભાઈ મહેતા, વૈભવ સંઘવી વગેરેએ ખૂબ જહેમત ઉઠાવેલ મંડપ સ્ટેજની સેવા પ્રશાંત ભાઈ દોશી તરફથી હતી આભાર વિધિ મહામંત્રી કૌશિકભાઈ એમ.સંઘવીએ કરેલ.


ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ

મેડીકલેઇમ લેતી વખતે જો તમોને

(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.)
(૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ

જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફક્ત-૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.

કેશલેશની સગવડ

સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ

જય કોમ્પ્લેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.

અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦



















### મુંબઈમાં લીધા અંતિમ શ્વાસ

# ગુજરાતના પ્રખ્યાત સંગીતકાર પુરુષોત્તમ ઉપાધ્યાયનું નિધન

## સંગીતકાર પુરુષોત્તમ ઉપાધ્યાયના નિધનની ખબરને લઈને ગુજરાતના સંગીતજગતમાં શોકની લાગણી ફેલાઈ

અમદાવાદ, તા.૧૧

ગુજરાતના જાણીતા સંગીતકાર પુરુષોત્તમ ઉપાધ્યાયનું નિધન થયું હોવાનું સામે આવ્યું છે. જેમાં ૯૦ વર્ષની ઉંમરે તેમણે જિંદગીને અલવિદા કહી દીધું છે. મુંબઈમાં તેમણે અંતિમ શ્વાસ લીધા. તેમના આ નિધનના સમાચારને લઈને ગુજરાતના સંગીત જગતમાં શોક ફેલાઈ ગયો અને સૌ કોઈના મનમાં તેઓ પોતાના સંગીતના યાદો મૂકીને જતા રહ્યા છે. આપને જણાવી દઈએ કે, મુંબઈમાં તેમણે અંતિમ શ્વાસ લીધા હોવાની માહિતી સામે આવી છે.

પુરુષોત્તમ ઉપાધ્યાયનો જન્મ ૧૫ ઓગસ્ટ, ૧૯૩૪ના રોજ થયો હતો. જેમાં ગુજરાતના ઉત્તરસંડાના ધુલિયા ગામમાં તેમનો જન્મ થયો હતો. તેમના પિતાનું નામ ગૌરીશંકર અંબાલાલ ઉપાધ્યાય અને માતાનું નામ વિદ્યાગૌરી હતું. સુગમ સંગીત ક્ષેત્રે તેમણે ‘‘વિશ્વ ગુર્જરી એવોર્ડ’’ મેળવ્યો છે. સાથે જ વર્ષ ૨૦૦૫માં ઉર્દુ ગાયકીમાં પુરુષોત્તમ ઉપાધ્યાયને ‘‘એશિયન એવોર્ડ’’ મળ્યો હતો.મહારાષ્ટ્ર સરકારે ૨૦૧૦માં પુરુષોત્તમ ઉપાધ્યાયને ‘‘જીવન ગૌરવ પુરસ્કાર’’ આપ્યો હતો. સાથે જ ગુજરાત સરકારે પણ તેમને ‘‘ગૌરવ પુરસ્કાર’’થી સન્માનિત કર્યા હતા. આ સિવાય વર્ષ ૨૦૧૭માં તેમને ‘‘પદ્મશ્રી એવોર્ડ’’થી પણ સન્માનિત કરવામાં આવ્યા હતા. તેમના આ નિધનને લઈને ગુજરાતના સંગીત જગતને એક મોટી ખોટ પડી છે જે ક્યારેય કોઈ નહીં પૂરી શકે.જાણીને તમને નવાઈ લાગશે કે તેમણે માત્ર ૬ વર્ષની ઉંમરે ગીતો ગાવાની શરૂઆત કરી હતી. બાળપણમાં ‘‘રામ રાજ્ય’’ ફિલ્મ જોઈ હતી જેનું એક ગીત ‘‘બીના મધુર મધુર કછુ બોલ’’ તેમને ઘણું પસંદ આવ્યું હતું અને આ જ ગીતની ટ્યૂન પર બનેલું ગીત ‘‘સાધુ ચરણ કમલ ચિત્ત જોડે’’ તેમણે ગાયું હતું. જેથી તે સમયે તેમને ખૂબ જ વાહ વાહી મળી હતી. આ સિવાય ખાસ કરીને તેમના પ્રખ્યાત ગીતો ‘‘હે રંગલો જામ્યો’’, ‘‘દિવસો જુદાઈના જાય છે’’, ‘‘એ જશે જરૂર મિલન સુધી’’, ‘‘કહું છું જવાનીને’’ જેવા ગીતોને સ્વર આપીને તેમણે અમર બનાવી દીધા છે. તેમના નિધનને લઈને સંગીત જગતને આજે સૌથી મોટી ખોટ પડી છે. જે ક્યારેય કોઈ પૂરી નહીં કરી શકે અને આજે ગુજરાતના સંગીત જગતમાં શોકનો માહોલ છવાઈ ગયો છે.પુરુષોત્તમ ઉપાધ્યાયનો એક કિસ્સો ઘણો ખાસ છે. જેમાં તેઓ જ્યારે ટોરેન્ટોમાં હતા ત્યારે મેહંદી હસનના ભત્રીજા સૌહેલ રાણાએ તેમને કહેલું કે તમે ઉર્દુમાં ઘણું સારું ગીત ગાઓ છો તો તમે ગુજરાતી છોડી ઉર્દુમાં કેમ ગીતો નથી ગાતા? અમે તમને પાકિસ્તાન લઈને જઈશું અને ઘણા રૂપિયા આપીશું. તે સમયે પુરુષોત્તમ ઉપાધ્યાયે જવાબ આપ્યો હતો કે ‘‘ગુજરાતી ભાષા એ મારી મા છે. મારી માને હું ખૂણામાં મૂકી શકું તેમ નથી. બીજી કોઈ પણ ભાષાને હું માસી કહેવા તો તૈયાર છું પણ મા તો નથી જ.’’ આપને જણાવી દઈએ કે એક ઈન્ટરવ્યૂ આપતા સમયે પુરુષોત્તમ ઉપાધ્યાય દ્વારા સામેથી આ કિસ્સા વિશે લોકોને જાણ કરવામાં આવી હતી.

### ૨.૧૧ લાખથી વધુ વિદ્યાર્થીઓને થશે લાભ

# ધો.- ૧૦-૧૨ના નાપાસ વિદ્યાર્થીઓને મુખ્ય-પૂરક પરીક્ષાના પરિણામમાંથી શ્રેષ્ઠ પરિણામ રહેશે ગ્રાહ્ય

## રાજ્યના વિદ્યાર્થીઓના હિતને ધ્યાનમાં રાખીને રાજ્ય સરકાર દ્વારા મહત્ત્વપૂર્ણ નિર્ણય કરવામાં આવ્યો છે

અમદાવાદ,તા.૧૧

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ અંતર્ગત **‘Best Of Two Exam’**માં રાજ્યના ધોરણ ૧૦-૧૨ના વિદ્યાર્થીઓ બોર્ડની પૂરક પરીક્ષા આપીને પોતાનું પરિણામ સુધારી શકશે. જેમાં મુખ્ય અને પૂરક પરીક્ષામાંથી જેનું પરિણામ શ્રેષ્ઠ હશે તે પરિણામને ગ્રાહ્ય રાખવામાં આવશે. આ સાથે જે વિદ્યાર્થી મુખ્ય પરીક્ષા આપ્યા બાદ વધુ સારુ પરિણામ મેળવવા માટે પૂરક પરીક્ષા આપવા ઈચ્છતો હોય તો તે આપી શકશે અને જેમાંથી વધુ સારા પરિણામની વિદ્યાર્થીને માર્કશીટ પણ આપવામાં આવશે. જ્યારે મુખ્ય પરીક્ષા આપી ન હોય તેવા વિદ્યાર્થીઓને પૂરક પરીક્ષા આપવા મળશે નહી. રાજ્યના વિદ્યાર્થીઓના હિતને ધ્યાનમાં રાખીને રાજ્ય સરકાર દ્વારા મહત્ત્વપૂર્ણ નિર્ણય કરવામાં આવ્યો છે.

જેમાં ધોરણ ૧૦ અને ૧૨માં નાપાસ થયેલા વિદ્યાર્થીઓને તેમની મુખ્ય પરીક્ષા અને પૂરક પરીક્ષાના પરિણામમાંથી વધુ સારા પરિણામને ધ્યાને લેવાશે. વર્ષ ૨૦૨૪માં રાજ્યમાં અંદાજિત કુલ ૧.૨૮ લાખથી વધુ વિદ્યાર્થીઓ ધોરણ ૧૦માં નાપાસ થયા, જ્યારે ધોરણ ૧૨ના સામાન્ય પ્રવાહમાં ૫૬ હજારથી વધુ અને વિજ્ઞાન પ્રવાહમાં ૨૬ હજારથી વધુ વિદ્યાર્થીઓ નાપાસ થયા હતા. આમ કુલ ૨.૧૧ લાખથી વધુ વિદ્યાર્થીઓને **‘Best Of Two Exam’**નો લાભ મળી મળશે.

### સંસદમાં વિપક્ષનું અનોખું પ્રદર્શન

# રાહુલ ગાંધીએ રાજનાથ સિંહને આપ્યો રાષ્ટ્રધ્વજ અને ગુલાબ

## અમે સંસદમાં સત્તાધારી પક્ષના સાંસદોને ત્રિરંગો અને ગુલાબ આપીને ગાંધીના માર્ગ પર ચાલી રહ્યા છીએ : કોંગ્રેસ

નવી દિલ્હી, તા. ૧૧

કોંગ્રેસ સાંસદ અને લોકસભામાં વિરોધ પક્ષના નેતા રાહુલ ગાંધીએ પોતાનો વિરોધ વ્યક્ત કરવા સંસદ સંકુલમાં રક્ષા મંત્રી રાજનાથ સિંહને ગુલાબના ફૂલ અને ત્રિરંગો આપ્યો હતો. રાજનાથ સિંહ સંસદમાં પ્રવેશવા માટે તેમની કારમાંથી નીચે ઉતર્યા કે તરત જ રાહુલ ગાંધી અને અન્ય કોંગ્રેસી નેતાઓ તેમની પાસે આવ્યા અને તેમને ગુલાબના ફૂલ અને ત્રિરંગો આપ્યો.

આ ઘટના સંસદની બહાર વિપક્ષના વિરોધ દરમિયાન બની હતી, જેમાં કેન્દ્ર સરકાર પર અમેરિકામાં અદાણી સામેના લાંચના આરોપો પર ચર્ચા ટાળવાનો આરોપ મૂકવામાં આવ્યો હતો. કોંગ્રેસના સાંસદ ઈમરાન પ્રતાપગઢીએ કહ્યું કે અમે સંસદમાં સત્તાધારી પક્ષના સાંસદોને ત્રિરંગો અને ગુલાબ આપીને ગાંધીના માર્ગ પર ચાલી રહ્યા છીએ અને તેમને અદાણીના હાથે દેશ વેચાવા નહીં દેવાની અપીલ કરી છે વિપક્ષ સતત રાહુલ ગાંધીના નેતૃત્વમાં ગૃહ ચલાવવા અને અદાણીની લૂંટ અંગે ચર્ચા કરવા અપીલ કરી રહ્યું છે, પરંતુ સરકાર અદાણીને બચાવવાના તમામ શક્ય પ્રયાસો કરી રહી છે.૨૦ નવેમ્બરે સત્રની શરૂઆત થઈ ત્યારથી જ બંને ગૃહોમાં આ મુદ્દા પર સતત હોબાળો થઈ રહ્યો છે. ૨૦ નવેમ્બરે સત્રની શરૂઆત થઈ ત્યારથી જ બંને ગૃહોમાં ઘણા મુદ્દાઓ પર સતત હોબાળો થઈ રહ્યો છે. જ્યારે કોંગ્રેસે અદાણી મુદ્દે ચર્ચાની માંગ કરી હતી, ત્યારે ભાજપે આક્ષેપ કર્યો હતો કે કોંગ્રેસના ભૂતપૂર્વ પ્રમુખ સોનિયા ગાંધી અને કોંગ્રેસ અબજોપતિ પરોપકારી જ્યોર્જ સોરોસ સાથેના સંબંધો ધરાવે છે, જેમણે સોરોસ ફાઉન્ડેશન દ્વારા ભંડોળ પૂરું પાડવામાં આવતી સંસ્થા સાથે સંબંધ હોવાનો દાવો કર્યો હતો, જે કથિત કાશ્મીરને ભારતથી અલગ કરવાના વિચારને સમર્થન આપતા હતા.

### ભારતમાં મહિલાઓ કરતાં પુરુષોની સ્થિતિ ચિંતાજનક

# ૨૦૨૨માં ૧.૨૨ લાખથી વધુ પુરુષે આત્મહત્યા કરી

## રિપોર્ટ મુજબ વિશ્વભરમાં દર વર્ષે સાત લાખથી વધુ લોકો આત્મહત્યા કરે છે, ભારતમાં આ આંકડો વધી રહ્યો છે

બેંગલુર, તા.૧૧

બેંગલુરની એક કંપનીના આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) એન્જિનિયર અતુલ સુભાષ મોદીએ આત્મહત્યા કરી છે. તેણે આત્મહત્યા કરતાં પહેલા લગભગ ૧.૨૦ કલાકનો વીડિયો પણ પોષ્ટ કર્યો છે. આ ઉપરાંત ૨૩ પેજની સુસાઈડ નોટ પણ લખી છે, જેમાં તેણે મોત પાછળ પત્ની નિકિતા સિંઘાનિયા અને તેના પરિવારને જવાબદાર ઠેરવ્યા છે. જોકે આત્મહત્યા જેવું પગલું ભરનાર સુભાષ એકલા નથી. વિશ્વ આરોગ્ય સંગઠન (WHO) અને નેશનલ ક્રાઈમ રેકોર્ડ બ્યુરો (NCRB)ના ડેટા મુજબ મહિલાઓ કરતાં પુરુષો સૌથી વધુ આત્મહત્યા કરે છે. ડબલ્યુએચઓના રિપોર્ટ મુજબ વિશ્વભરમાં દર વર્ષે સાત લાખથી વધુ લોકો આત્મહત્યા કરે છે, જ્યારે ભારતમાં આ આંકડો દર વર્ષે વધી રહ્યો છે.એનસીઆરબીના ડેટા મુજબ આત્મહત્યા કરનાર મહિલાઓ કરતાં પુરુષોની સંખ્યા વધુ છે. બે દાયકાના આંકડા દર્શાવી રહ્યા છે કે, ભારતમાં સ્યુસાઈડ કરનાર ૧૦માંથી ૬ અથવા ૭ પુરુષો હોય છે. વર્ષ ૨૦૦૧ અને ૨૦૨૨ દરમિયાન આત્મહત્યા કરનાર મહિલાઓની સંખ્યા ૪૦થી ૪૮ હજાર નોંધાઈ છે, જ્યારે આ દરમિયાન જીવન ટૂંકાવનારા પુરુષોની સંખ્યા ૬૬ હજારથી વધીને એક લાખને પાર પહોંચી ગઈ છે.૨૦૨૨માં ૧.૭૦ લાખથી વધુ લોકોએ આત્મહત્યા કરી હતી, જેમાં ૧.૨૨ લાખથી વધુ પુરુષો હતા. એટલે કે દૈનિક સરેરાશ ૩૩૬ પુરુષ જીવન ટૂંકાવી રહ્યા છે. માત્ર ભારતમાં જ નહીં વિશ્વભરમાં પણ આવી જ સ્થિતિ છે. ડબલ્યુએચઓના ડેટા મુજબ વિશ્વભરમાં એક લાખ આત્મહત્યામાંથી પુરુષોનો દર ૧૨.૬ અને મહિલાઓનો દર ૫.૩ છે. આ જોતા એવું કહી શકાય કે, વિશ્વભરમાં મહિલાઓ કરતાં વધુ પુરુષ પીડાઈ રહ્યો છે.એનસીઆરબીના ૨૦૨૨ના રિપોર્ટ મુજબ, સૌથી વધુ ૩૦થી ૪૫ની ઉંમરના, ત્યારબાદ ૧૮થી ૩૦ અને પછી ૪૫થી ૬૦ની ઉંમરનાઓ આત્મહત્યા કરે છે. ગત વર્ષે ૩૦થી ૪૫ની ઉંમરના ૫૪૩૫૧ લોકોએ આત્મહત્યા કરી હતી, જેમાં ૭૭ ટકા પુરુષો હતા. આવી જ રીતે આત્મહત્યા કરનારા ૧૮થી ૩૦ વર્ષના ૫૯૧૦૮ લોકોમાંથી ૬૫ ટકા પુરુષો હતા. તેમજ ૪૫થી ૬૦ વર્ષના આત્મહત્યા કરનારાઓમાં ૩૧૯૨૧ લોકોમાંથી ૮૨ ટકા પુરુષો હતા.

રિપોર્ટ મુજબ આત્મહત્યા કરનારા મોટાભાગના લોકો પરિણીત છે. ૨૦૨૨માં ૧,૧૪,૪૮૫ પરિણીત લોકોએ આત્મહત્યા કરી હતી, આમાંથી લગભગ ૭૪ ટકા પુરુષો હતા. ૨૦૨૨માં ૮૧૬૪ પરિણીત લોકોએ લગ્ન સંબંધી સમસ્યાના કારણે આત્મહત્યા કરી હતી. આમાંથી ૫૨ ટકા પુરુષો હતા.

### અવિશ્વાસનો પ્રસ્તાવ લાવવો અફસોસની વાત : ખડગે

# વિપક્ષી નેતાઓને બોલવાથી ન અટકાવી શકાય : ખડગે

## ધનખડનું વલણ પક્ષપાતી, તેઓ ખુદ પોતાને RSSના એકલવ્ય કહે છે : કોંગ્રેસ અધ્યક્ષ ખડગે બગડ્યાં

નવી દિલ્હી, તા.૧૧

વિપક્ષી INDIA ગઠબંધના નેતાઓએ રાજ્યસભાના અધ્યક્ષ જગદીપ વિરુદ્ધ અવિશ્વાસ પ્રસ્તાવ લાવવા મુદ્દે આજે પ્રેસ કોન્ફરન્સ કરી હતી. આ દરમિયાન કોંગ્રેસના અધ્યક્ષ અને રાજ્યસભામાં વિપક્ષના નેતા મલ્લિકાર્જુન ખડગેએ દેશના પ્રથમ રાષ્ટ્રપતિ ડૉક્ટર સર્વપલ્લી રાધાકૃષ્ણનને યાદ કર્યા હતા.ખડગેએ કહ્યું કે, ‘સર્વપલ્લી રાધાકૃષ્ણને કહ્યું હતું કે, હું કોઈપણ પક્ષનો નથી. તેનો અર્થ એ છે કે, આ એક નિષ્પક્ષ હોદ્દો છે, પરંતુ અફસોસની વાત એ છે કે બંધારણ અપનાવવાના ૭૫માં વર્ષે આપણે રાજ્યસભાના અધ્યક્ષ સામે અવિશ્વાસનો પ્રસ્તાવ લાવવો પડ્યો છે.’ રાજ્યસભામાં વિપક્ષના નેતા મલ્લિકાર્જુન ખડગેએ કહ્યું કે, ‘રાજ્યસભાના અધ્યક્ષ જગદીપ ધનખડનું આચરણ પદની ગરિમાને અનુકુળ નથી. તેઓ ક્યારેક કેન્દ્ર સરકારના ગુણગાન ગાવા લાગે છે, તો ક્યારેક પોતાને રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (RSS)ના એકલવ્ય ગણાવે છે. તેઓ વિરોધ પક્ષો સાથે પક્ષપાતી વ્યવહાર કરે છે, તેથી જ અમારે મજબૂરીમાં અવિશ્વાસ પ્રસ્તાવ લાવવો પડ્યો છે.’

ખડગેએ તેમણે કહ્યું કે, ‘વિપક્ષી નેતાઓને બોલવાથી ન અટકાવી શકાય. રાજ્યસભાના અધ્યક્ષ હોવા છતાં ગૃહમાં હોબાળો ચાલી રહ્યો છે. તેમના વર્તનથી દેશની ગરિમાને નુકસાન થયું. અમારી તેમની સાથે કોઈ અંગત દુશ્મની નથી. આજના સમયમાં ગૃહમાં વધુ રાજકારણ રમાઈ રહ્યું છે. સભાપતિએ નિષ્પક્ષ રહેવું જોઈએ. ધનખડ સરકારના પ્રવક્તા બની ગયા છે. વિપક્ષી સભ્યો સુરક્ષાની આશાએ તેમને મળવા જાય છે, ત્યારે પણ તેઓ વડાપ્રધાનના વખાણ કરવા લાગે છે.’

# ભૂપેન્દ્ર પટેલે વડાપ્રધાન નરેન્દ્ર મોદીની શુભેચ્છા મુલાકાત કરી

## મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં ૧૨ ડિસેમ્બરે રાજ્ય સરકારના સફળ સુશાસનના બે વર્ષ પૂર્ણ થઈ રહ્યા છે

નવી દિલ્હી, તા. ૧૧

ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આજે બુધવારે નવી દિલ્હી ખાતે વડાપ્રધાન નરેન્દ્ર મોદીની શુભેચ્છા મુલાકાત કરી હતી. તારીખ ૧૨મી ડિસેમ્બર, ૨૦૨૨ના દિવસે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વની સરકારે શાસન સેવા દાયિત્વ સંભાળ્યું હતું. તેમના સફળ સુશાસનના બે વર્ષ આવતીકાલે ૧૨ ડિસેમ્બર,૨૦૨૪ના પૂર્ણ થશે. વિકસિત ભારત @ 2047ના વડાપ્રધાન નરેન્દ્ર મોદીના વિઝનને વિકસિત ગુજરાતથી સાકાર કરવા ૧૨મી ડિસેમ્બર એટલે કે આવતીકાલે તૃતિય વર્ષમાં પદાર્પણ સાથે ‘ગ્યાન’–ગરીબ, યુવા, અન્નદાતા,નારીશક્તિના સમૂચિત વિકાસના કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. મુખ્યમંત્રીના દ્રષ્ટીવંત નેતૃત્વમાં વર્તમાન સરકારે રાજ્યની વિકાસયાત્રાને જનહિતલક્ષી યોજનાઓથી અનેક સિદ્ધિઓ અને શ્રેષ્ઠ પરિણામો સાથે નવી દિશા આપી છે.વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ વિકસિત ભારત @ 2047 માટે ચાર મુખ્ય સ્તંભ ગરીબ, યુવા, અન્નદાતા અને નારીશક્તિના સશક્તિકરણ માટે વિશેષ ધ્યાન કેન્દ્રિત કર્યું છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને ‘ટીમ ગુજરાતે’ પણ વડાપ્રધાનના આ વિકસિત ભારત જ ૨૦૪૭ સંકલ્પને વિકસિત ગુજરાતથી પાર પાડવાની નેમ રાખી છે. મુખ્યમંત્રીના નેતૃત્વમાં રાજ્ય સરકારે વડાપ્રધાનની સંકલ્પના અનુસાર રાજ્યના વિકાસમાં દરેક આયોજન અને કાર્યક્રમોમાં ‘ગ્યાન’ એટલે કે ગરીબ, યુવા, અન્નદાતા અને મહિલાશક્તિના એમ્પાવરમેન્ટ અને ઉત્થાન ઉપર ફોકસ કર્યું છે.

CM ભૂપેન્દ્ર પટેલના દિશાદર્શનમાં રાજ્ય સરકારે બે વર્ષના કાર્યકાળમાં સેવા, સંકલ્પ અને સમર્પણ ભાવ સાથે પ્રજાકીય સુશાસનની જન-જનને અનુભૂતિ કરાવી છે. મુખ્યમંત્રીના નેતૃત્વમાં રાજ્ય સરકાર તારીખ ૧૨મી ડિસેમ્બર, ગુરૂવારે તૃતીય વર્ષમાં પદાર્પણ કરશે તે અવસરને પણ ‘ગ્યાન’ આધારિત વિકાસ ઉત્સવ બનાવવાનું બહુ આયામી આયોજન કરવામાં આવ્યું છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને રાજ્ય મંત્રી મંડળના મંત્રીઓ વર્તમાન રાજ્ય સરકારના ત્રીજા વર્ષમાં મંગળ પ્રવેશ અવસરે આ ‘ગ્યાન’ આધારિત વિવિધ કાર્યક્રમોમાં સહભાગી થવાના છે.મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સેવા, સંકલ્પ અને સમર્પણના બે વર્ષ પૂર્ણ કરીને તૃતીય વર્ષમાં પદાર્પણ અવસરે તા. ૧૨મી ડિસેમ્બરના દિવસનો પ્રારંભ અમદાવાદ મહાનગર પાલિકા દ્વારા નરોડામાં ૩૦૦ ચોરસ મીટરમાં નિર્માણ પામેલા શ્રમિક સુવિધા કેન્દ્રના લોકાર્પણ દ્વારા ગરીબ ઉત્થાન કાર્યક્રમથી કરશે.

મુખ્યમંત્રી ‘ગ્યાન’ના બીજા મહત્ત્વપૂર્ણ સ્તંભ એવા યુવાઓના ઉજ્જવળ ભવિષ્યની નેમ સાથે સવારે ૧૧ કલાકે ગાંધીનગરના મહાત્મા મંદિરમાં યોજાનારા કાર્યક્રમમાં રાજ્ય સરકારના વિવિધ વિભાગોમાં પસંદગી પામેલા ૫૮૦ યુવાનોને નિમણૂક પત્રો એનાયત કરવાના છે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ‘અન્નદાતા’ને પ્રોત્સાહન અને પ્રેરણા આપવા ખેડૂત ઉત્પાદક સંગઠનો FPOના સદસ્યો સાથે મુખ્યમંત્રી નિવાસસ્થાને સંવાદ કાર્યક્રમનું પણ આયોજન કર્યું છે. ખેત પેદાશોના મહત્તમ ઉત્પાદન, વેલ્યુએડિશન, બ્રાન્ડિંગ અને માર્કેટિંગ તેમજ પ્રાકૃતિક ખેતીને વેગ આપવા FPOને મુખ્યમંત્રી આ સંવાદ કાર્યક્રમમાં માર્ગદર્શન આપશે.

મુખ્યમંત્રી ગુરુવારે સાંજે ૩૦૦ જેટલી મહિલા સ્ટાર્ટઅપ્સ અને ઈનોવેટર્સ સાથે અમદાવાદમાં આઈ-હબ ખાતે યોજનારા એક કાર્યક્રમમાં સંવાદ-વાતચીત કરશે. મહિલા ઉદ્યોગ સાહસિકો સંશોધકોને રાજ્ય સરકાર દ્વારા મળેલા પ્રોત્સાહનને કારણે રાજ્યમાં મહિલા સ્ટાર્ટઅપની સંખ્યામાં ૫૨%નો વધારો થયો છે.

મુખ્યમંત્રી ‘ગ્યાન’નો ચોથો સ્તંભ એવી નારીશક્તિના શક્તિ સામર્થ્યને આ સ્ટાર્ટ અપ ઈનોવેટર્સ સાથેના સંવાદ કાર્યક્રમથી નવી દિશા આપશે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના વડપણની વર્તમાન સરકારના ત્રીજા વર્ષમાં પદાર્પણનો પ્રથમ દિવસ એટલે કે તા. ૧૨મી ડિસેમ્બર ૨૦૨૪ સમગ્રતયા ‘ગ્યાન’ સમર્પિત વિકાસ દિવસ બનશે.

### સુરતમાં યુવાનનો ડાન્સર સાથે નાચતો વીડિયો વાયરલ

# સુરતમાં ભાજપ કાર્યકરે રિવોલ્વર કાઢીને જમાવ્યો રોફ : ડાન્સર સાથે ઠુમકા

## બીજી બાજુ સુરતમાં સક્રિય કાર્યકરનું વિડીયો વાયરલ મામલે ખુલાસો સામે આવ્યો છે

સુરત,તા.૧૧

સામાન્ય માણસ કાયદાનો ભંગ કરે તો તેની સામે કડક કાર્યવાહી કરવામાં આવે છે. પરંતુ કોઈ પાર્ટીનો નેતા કાયદાનો ભંગ કરે ત્યારે તંત્ર આખ આડા કાન કરતું હોય છે. જેને પગલે કાયદા માત્ર સામાન્ય લોકો માટે જ હોય છે? એવો પ્રશ્ન ઉભો થયો છે. સુરતમાં યુવાનનો ડાન્સર સાથે નાચતો વીડિયો વાયરલ થતાં ખળભળાટ મચ્યો છે. સુરતના ડીંડોલી વિસ્તારના સુજીત ઉપાધ્યાયનો વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થયો છે. જેમાં સુજીત ઉપાધ્યાય ભાજપ કાર્યકર હોવાની વાત સામે આવી છે. સુજીત ઉપાધ્યાય હાથમાં રિવોલ્વર સાથે કોઈ ડાન્સર સાથે ડાન્સ કરી રહ્યાં છે, તેનો વીડિયો ચર્ચાનું કારણ બન્યો છે.

જે વિડીયો સામે આવ્ભાયો છે તેમાં જપ કાર્યકર સુજીત ઉપાધ્યાય ડાન્સર સાથે હાથમાં રિવોલ્વર રાખીને દેખાડો કરી રહ્યાં હોય તેનું લાગી રહ્યું છે. આખરે આવી રીતે રિવોલ્વર સાથે વીડિયો બનાની ભાજપના આ કાર્યકર સુજીત ઉપાધ્યાય સાબિત શું કરવા માંગે છે? અત્યારે આ વીડિયો વાયરલ થતા અનેક પ્રકારના સવાલો થઈ રહ્યાં છે.

બીજી બાજુ સુરતમાં સક્રિય કાર્યકરનું વિડીયો વાયરલ મામલે ખુલાસો સામે આવ્યો છે. જેમાં વીડિયોને લઈને સુજીત ઉપાધ્યાયે વિડીયો જૂનો હોવાનું રટણ કર્યું હતું. ઉપરાંત તેણે જણાવ્યું છે કે મુંબઈ ખાતે શુટિંગ વખતની રીલ છે. જેમાં ઓરીજનલ રિવોલ્વર નહીં પણ રમકડાંની ગન હોવાનું તેણે જણાવ્યું હતું. જોઈએ હવે પોલીસ આ મામલે શું કાર્યવાહી કરે છે.

### ભાજપ પર ચૂંટણીમાં ધાંધલીનો આરોપ

# મહારાષ્ટ્રમાં કારમા પરાજય બાદ ઈવીએમમાં ધાંધલીનો આરોપ

## વિપક્ષી ગઠબંધન ઇન્ડિયા બ્લોકે ચૂંટણી પંચ-ભાજપ પર ચૂંટણીમાં ધાંધલીનો આરોપ લગાવીને સુપ્રીમમાં જવાનો નિર્ણય કર્યો

મુંબઈ, તા.૧૧

મહારાષ્ટ્ર વિધાનસભા ચૂંટણીમાં કારમી હાર બાદ વિપક્ષી ગઠબંધન ઈન્ડિયા બ્લોકે ચૂંટણી પંચ અને ભાજપ પર ચૂંટણીમાં ધાંધલીનો આરોપ લગાવીને સુપ્રીમ કોર્ટમાં જવાનો નિર્ણય કર્યો છે. મંગળવારે શરદ પવાર જૂથના નેતા પ્રશાંત જગતાપે આ અંગે માહિતી આપી હતી. NCP (શરદચંદ્ર પવાર)ના વડા શરદ પવાર, અરવિંદ કેજરીવાલ અને જાણીતા વકીલ અને કોંગ્રેસ નેતા અભિષેક સિંઘવી વચ્ચેની બેઠક બાદ આ નિર્ણયની જાહેરાત કરવામાં આવી હતી.વિપક્ષી ગઠબંધનનો આરોપ છે કે ભારતીય જનતા પાર્ટીની આગેવાની હેઠળના મહાયુતિ ગઠબંધનની તરફેણમાં ઈફસ્માં ખામી સર્જાઈ હતી જેના કારણે તેની મહારાષ્ટ્ર વિધાનસભા ચૂંટણીમાં હાર થઈ હતી. આ ઉપરાંત બેઠક દરમિયાન, કેજરીવાલે દિલ્હી વિધાનસભા ચૂંટણીમાં મતદાર યાદી અંગે પોતાની ચિંતા વ્યક્ત કરી.રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટી(શરદ પવાર)ના શહેર પ્રમુખ પ્રશાંત જગતાપે મીડિયાને કહ્યું કે, ’અમે ભાજપની જીત માટે ચૂંટણી પંચ દ્વારા કરવામાં આવેલી ધાંધલી સામે સુપ્રીમ કોર્ટમાં અપીલ દાખલ કરીશું. અમને સુપ્રીમ કોર્ટમાં વિશ્વાસ છે અને અમને આશા છે કે સુપ્રીમ કોર્ટ અમારી તરફેણમાં અને કૌભાંડની વિરુદ્ધમાં ચુકાદો આપશે.’અગાઉ, ચૂંટણી પંચે કહ્યું હતું કે, ’મહારાષ્ટ્ર વિધાનસભા ચૂંટણીમાં પડેલા મતો અને VPAT સ્લિપમાં કોઈ ગેરરીતિ જોવા મળી નથી. દરેક વિધાનસભા મતવિસ્તારમાં અવ્યવસ્થિત રીતે પસંદ કરાયેલ મતદાન મથકોમાંથી VVPAT સ્લિપની ગણતરી સફળતાપૂર્વક પૂર્ણ કરવામાં આવી હતી.’ જણાવી દઈએ કે વિપક્ષ ઈન્ડિયા બ્લોક અને એનડીએ વચ્ચે EVM વિવાદિત મુદ્દો રહ્યો છે. વિપક્ષે અનેકવાર ભાજપ પર ઈચ્છિત પરિણામો મેળવવા માટે ચૂંટણીમાં ધાંધલી કરવાનો આરોપ લગાવ્યો છે.હરિયાણા અને મહારાષ્ટ્ર વિધાનસભા ચૂંટણીના પરિણામો બાદ ઈન્ડિયા બ્લોક અસંતુષ્ટ છે. હરિયાણાની ૯૦ બેઠકોમાંથી ભાજપે બમ્પર ૪૮ બેઠકો જીતી હતી, જ્યારે કોંગ્રેસને માત્ર ૩૭ બેઠકો મળી હતી.

# ખેડૂતો ૧૪મી ડિસેમ્બરે ફરીથી દિલ્હી કરશે કૂચ

નવી દિલ્હી, તા. ૧૧

શંભુ બોર્ડર પર એકઠા થયેલા ખેડૂતોએ ફરી એકવાર રાજધાની દિલ્હી તરફ કૂચ કરવાની તૈયારીઓ તેજ કરી દીધી છે. ખેડૂત નેતા સરવન સિંહ પંઢેરે મંગળવારે પ્રેસ કોન્ફરન્સ કરી અને જાહેરાત કરી કે, ખેડૂતો ફરી એકવાર ૧૪ ડિસેમ્બરે સંપૂર્ણ તાકાત સાથે દિલ્હી તરફ કૂચ કરશે. ખેડૂત આગેવાને કહ્યું કે, હવે અમે ૧૪મી ડિસેમ્બરે દિલ્હી જવા રવાના થઈશું, અમારા વિરોધને ૩૦૩ દિવસ પૂરા થયા છે અને ખેડૂતોના આમરણાંત ઉપવાસને પણ ૧૫મો દિવસ પૂરો થયો છે. અમે હંમેશા ખુલ્લા દિલથી વાતચીતનો સ્વીકાર કર્યો છે. હજુ સુધી સરકાર તરફથી કોઈએ અમારો સંપર્ક કર્યો નથી. ખેડૂત નેતાએ કહ્યું કે, બંને સંગઠનોએ નિર્ણય કર્યો છે કે અમે ૧૪મીએ ૧૦૧ ખેડૂતોના ગ્રુપ સાથે દિલ્હી કૂચ કરીશું. બુધવારે અમે ખેડૂતોના આંદોલનની સફળતા માટે પ્રાર્થના કરીશું. અમે તે ખેડૂતોને મુક્ત કરવાની માંગ કરીએ છીએ જેમની વિરોધ દરમિયાન ધરપકડ કરવામાં આવી હતી અથવા અટકાયત કરવામાં આવી હતી. હું ફિલ્મ સ્ટાર્સ, ગાયકો અને ધાર્મિક નેતાઓને વિનંતી કરું છું કે કૃપા કરીને પ્રદર્શન કરીને અમારા વિરોધનો પ્રચાર કરો. મહત્ત્વપૂર્ણ છે કે, આ પહેલા યુનાઈટેડ કિસાન મોરચા (નોન પોલિટિકલ) અને કિસાન મજદૂર મોરચાના બેનર હેઠળ ૧૦૧ ખેડૂતોનું એક જૂથ ૬ અને ૮ ડિસેમ્બરે દિલ્હી તરફ આગળ વધ્યું હતું, પરંતુ હરિયાણામાં પોલીસે તેમને રોક્યા હતા. આ દરમિયાન ખેડૂતો અને સુરક્ષા દળો વચ્ચે ઘર્ષણની સ્થિતિ સર્જાઈ હતી, ત્યારબાદ ખેડૂતોને પાછળ ધકેલવા માટે ટીયર ગેસના સેલ છોડવામાં આવ્યા હતા. આ દરમિયાન અનેક ખેડૂતો ઘાયલ થયા હતા. ઉલ્લેખનીય છે કે, ખેડૂતો દિલ્હી જવા માટે ૧૩ ફેબ્રુઆરીથી પંજાબ અને હરિયાણાની વચ્ચે શંભુ અને ખનૌરી બોર્ડર પર પડાવ નાખી રહ્યા છે. આ પહેલા ખેડૂતોએ ૧૩ અને ૨૧ ફેબ્રુઆરીએ દિલ્હી તરફ જવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ પોલીસ અને પ્રશાસને તેમને સરહદ પર રોક્યા હતા.

# મનીષ સિસોદિયાને સુપ્રીમ કોર્ટમાંથી મળી મોટી રાહત

નવી દિલ્હી, તા. ૧૧

દિલ્હી લિકર પોલિસી કૌભાંડ કેસમાં સુપ્રીમ કોર્ટે આજે બુધવારે મનીષ સિસોદિયાને મોટી રાહત આપી છે. આ પછી મનીષ સિસોદિયાએ કોર્ટનો આભાર માન્યો હતો. સુપ્રીમ કોર્ટે એક્સાઈઝ પોલિસી કેસ સંબંધિત ભ્રષ્ટાચાર અને મની લોન્ડરિંગ કેસમાં જામીનની શરતો બદલવાની મનીષ સિસોદિયાની માંગને મંજૂર કરી છે. જામીનની શરતો અનુસાર, તેને અઠવાડિયામાં બે વખત તપાસ એજન્સીઓની ઓફિસમાં હાજર રહેવું પડતું હતું. સિસોદિયાની વિનંતી પર કોર્ટે આજે આ શરત હટાવી દીધી છે. જોકે, કોર્ટે સિસોદિયાને ટ્રાયલમાં નિયમિત હાજર રહેવા કહ્યું છે.મનીષ સિસોદિયાએ ટ્વિટ કરીને કોર્ટનો આભાર વ્યક્ત કર્યો છે. સિસોદિયાએ ટ્વિટમાં લખ્યું કે, સુપ્રીમ કોર્ટનો હૃદયપૂર્વક આભાર, જેણે જામીનની શરત હટાવીને રાહત આપી છે. આ નિર્ણય માત્ર ન્યાયતંત્રમાં મારો વિશ્વાસ વધુ મજબૂત બનાવતો નથી, પરંતુ આપણા બંધારણીય મૂલ્યોની મજબૂતાઈ પણ દર્શાવે છે. હું હંમેશા ન્યાયતંત્ર અને બંધારણ પ્રત્યેની મારી ફરજોનું સન્માન કરીશ. જય ભીમ, જય ભારત.મનીષ સિસોદિયાની અરજી પર આજે સુનાવણી થઈ હતી. વરિષ્ઠ વકીલ અભિષેક સિંઘવીએ જસ્ટિસ બીઆર ગવઈ અને જસ્ટિસ કેવી વિશ્વનાથનની બેન્ચ સમક્ષ સિસોદિયાની માગણી મૂકી હતી. ૯ ઓગસ્ટના રોજ, સુપ્રીમ કોર્ટે દિલ્હી એક્સાઈઝ પોલિસી કૌભાંડ સંબંધિત કેસોમાં સિસોદિયાને જામીન આપ્યા હતા. ઑગસ્ટમાં, સુપ્રીમ કોર્ટે વરિષ્ઠ AAP નેતાને એમ કહીને જામીન આપ્યા હતા કે, કથિત એક્સાઈઝ પોલિસી કેસમાં ટ્રાયલ વહેલી તકે પૂર્ણ થવાની આશામાં તેમને અનિશ્ચિત સમય માટે જેલના સળિયા પાછળ રાખી શકાય નહીં. ઉલ્લેખનીય છે કે, દારૂ નીતિ કૌભાંડના હાલના મામલે ઈંઢ તેમજ ઝૈં કેસમાં ૪૯૩ સાક્ષીઓના નામ છે અને આ કેસમાં હજારો પાનાના દસ્તાવેજો અને એક લાખથી વધુ પાનાના ડિજિટાઈઝ્ડ દસ્તાવેજો સામેલ છે.

અમરેલીની પ્રખ્યાત
ગોળ હોસ્પિટલ
માં ફુલ ટાઈમ
જનરલ સર્જન મળશે
ઓપીડી સમય : સવારે ૧૦:૦૦ થી ૨:૦૦
અને સાંજે ૫:૦૦ થી ૮:૦૦

નેત્ર ચિકિત્સા ટ્રસ્ટ મલ્ટિ સ્પેશિયાલીટી હોસ્પિટલ
- પેટના રોગો અને તેમના ઓપરેશન
- એપેન્ડીક્ષ, સારણગાંઠ, વધરાવળ મસા તથા ભખંદરના ઓપરેશન
- પિતાશયની પથરીના ઓપરેશન.
- સ્તનની ગાંઠ, રસોળી, ચરબીની ગાંઠના ઓપરેશનના નિષ્ણાંત.



ડો.અક્ષય પારખીયા
M.S.(જનરલ સર્જન)
અનુભવ:
૩ વર્ષ સિવિલ હોસ્પિટલ અમદાવાદ
૧ વર્ષ લલ્લુભાઈ શેઠ આરોગ્ય મંદિર સાવરકુંડલા

NETRA CHIKITSA TRUST
MULTISPECIALITY HOSPITAL
નેત્ર ચિકિત્સા ટ્રસ્ટ મલ્ટિસ્પેશિયાલીટી હોસ્પિટલ
ગોળ હોસ્પિટલ કેમ્પસ, ચિતલ રોડ, અમરેલી-૩૬૫૬૦૧ ગુજરાત.ફોન : (૦૨૭૯૨) ૨૩૩૯૯૯
વધુ માહિતી માટે સંપર્ક કરો 99789 66629
આયુષ્માન કાર્ડ અંતર્ગત ઓપરેશન તદન મફત ઓપરેશન સુવિધા ઉપલબ્ધ


### ફિટ ઈન્ડિયા ફિટ મીડિયા

# અમરેલી ખાતે રાજય સરકાર અને રેડ ક્રોસ સોસાયટી દ્વારા પત્રકારો માટે જિલ્લા કક્ષાનો આરોગ્ય ચકાસણી કેમ્પ સંપન્ન

## કેમ્પમાં પત્રકારોએ ઉત્સાહભેર ભાગ લીધો



અમરેલી, તા.૧૧

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના 'ફિટ ઈન્ડિયા' અભિયાનના સંકલ્પને ચરિતાર્થ કરવાના હેતુથી રાજય સરકાર અને રેડ ક્રોસ સોસાયટી દ્વારા પત્રકારઓ માટે જિલ્લા કક્ષાનો આરોગ્ય ચકાસણી કેમ્પ અમરેલી રેડ ક્રોસ ખાતે સંપન્ન થયો હતો.

ફિટ ઈન્ડિયા ફિટ મીડિયા– "પહેલું સુખ તે જાતે નર્યા" સ્વાસ્થ્યને ખૂબ મહત્વ આપવામાં આવ્યું છે. કામગીરીમાં સતત અને ઘણા વ્યસ્ત રહેતા તમામ પત્રકારઓનું હેલ્થ ચેક અપ થઈ શકે તે માટે રાજય સરકાર અને રેડ ક્રોસ દ્વારા અમરેલી સ્થિત રેડ ક્રોસ ખાતે યોજાયેલા હેલ્થ ચેક અપ કેમ્પમાં વિવિધ સમાચાર સંસ્થાઓના ૬૭ પત્રકારઓ, મીડિયા કર્મીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

આ કેમ્પમાં પત્રકારોના સંપૂર્ણ બ્લડ કાઉન્ટ, બ્લડ ગ્રુપ, લીવર ફંક્શન, લિપીડ પ્રોફાઈલ, કિડની ફંક્શન ટેસ્ટ, એસ. યુરિક એસિડ, કેલ્શિયમ, હોર્મોનલ ટેસ્ટ, વિટામિન બી૧૨, વિટામિન ડી, ડાયાબિટિક માર્કર, એક્સ રે, ઈ.સી.જી. સહિતના અગત્યના ટેસ્ટ નિ:શુલ્ક કરવામાં આવ્યા હતા. આ ટેસ્ટના રિપોર્ટ તમામ પત્રકારઓને તેમના વોટસએપ નંબર પર ડિજિટલ કોપીમાં પહોંચાડવામાં આવશે અને તેની હાર્ડ કોપી પણ મળી શકશે. કેમ્પ બાદ રેડક્રોસ અને પત્રકાર પરિવાર દ્વારા અલ્પાહારની વ્યવસ્થા કરવામાં આવી હતી.

આ કેમ્પને સફળ બનાવવા માટે અમરેલી રેડક્રોસ પરિવારના ડો. ભરત કાનાબાર, મધુભાઈ અજુગીયા, ચેતનભાઈ રાવલ સહિતના અગ્રણીઓ તેમજ અમરેલીના દૈનિક, સાપ્તાહિકના તંત્રીઓ, સહ તંત્રીઓ, પત્રકારઓ, ઈલેક્ટ્રોનિક મીડિયાના રિપોર્ટરઓ, પત્રકારઓ, કેમેરામેનઓ, વિવિધ સમાચાર સંસ્થાના પ્રતિનિધીઓ, મીડિયાકર્મીઓ સહિતનાઓએ હેલ્થ ચેક કપ કેમ્પને સફળ બનાવવા પોતાનો કિંમતી સમય ફાળવ્યો હતો.

# સાવરકુંડલા : આર્ટસ કોલેજમાં ગીતાજયંતિની ઉજવણી કરવામાં આવી



સાવરકુંડલા, તા. ૧૧

નૂતન કેળવણી મંડળ સંચાલિત શ્રીમતી વી ડી ઘેલાણી મહિલા આર્ટ્સ કોલેજ સાવરકુંડલામાં આજરોજ માગશર સુદ અગિયારશને બુધવારે ગીતા જયંતીની ઉજવણી કરવામાં આવી હતી જેમાં આચાર્ય ચાવડા શુભકામના પાઠવી હતી તથા ગીતાનું મહત્વ સમજાવ્યું હતું ટી.વાય.બી.એ.ની બહેનોએ શ્લોક ગાન કર્યુ હતુ તથા સુંદર વકતવ્ય પણ આપેલ તેમજ શ્રીકૃષ્ણ તથા ગીતા પર પોસ્ટર પ્રદર્શન પણ રજુ કર્યુ હતુ. કાર્યક્રમની શરૂઆત ગીતાના પૂજન અર્ચનથી કરવામા આવેલ સમગ્ર કાર્યક્રમનું આયોજન સંસ્કૃત વિભાગ તરફથી કરવામા આવેલ કાર્યક્રમનું સંચાલન ડો. પ્રતિમા એમ શુકલ એ કર્યુ હતુ તથા આભાર દર્શન પ્રા કે.બી.પટેલ કરેલ આ કાર્યક્રમને સફળ બનાવવા માટે બધા સ્ટાફ મિત્રનો સહકાર પ્રાપ્ત થયો હતો.

# અમરેલી-લાઠી રોડ પરથી પસાર થતાં તમામ ભારે મોટા વાહનોએ વૈકલ્પિક રૂટ પરથી પસાર થવું

અમરેલી, તા.૧૧

અમરેલી શહેરમાં લાઠી રોડ રેલવે ફાટક (લેવલ ક્રોસિંગ ગેટ નંબર-૧૯) (એલ.સી.નં.૧૯)ને નવો બી.જી. ટ્રેક વધારવાના કામ અન્વયે રોડ અને રેલવે લાઈનના ગેજ કન્વર્ઝન કામ માટે રેલવે ફાટક કામચલાઉ બંધ કરવાનું છે, આ કામગીરી આશરે ૪૫ દિવસમાં પૂર્ણ થશે. અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા ગુજરાત પોલીસ અધિનિયમ – ૧૯૫૧ની કલમ-૩૩(૧)(બી) હેઠળ જાહેરનામું પ્રસિદ્ધ કરવામાં આવ્યુ છે.

અમરેલી-લાઠી રોડ પર રેલવે વિભાગ દ્વારા ફાટકની બાજુમાં ૧૦ ફૂટ પહોળો ડાયવર્ઝન રૂટ તૈયાર કરવામાં આવ્યો છે, તેના પરથી ટુ-વ્હીલર, થ્રી-વ્હીલર તથા નાની ફોર વ્હીલર પસાર થઈ શકે તેમ છે.

ટ્રાફિકના સુચારૂ નિયમન માટે અને જાહેર જનતાને અગવડતા ન પડે તે માટે ફોર વ્હીલથી મોટા (ભારે) વાહનોએ વાહનોનું ટ્રાફિક ડાયવર્ટ રૂટને અનુસરવો.

મોટા ભારે વાહનોએ વૈકલ્પિક રૂટ (૦૧) લાઠી રોડ બાયપાસ ચોકડીથી અમરેલી શહેરમાં લાઠી રોડ ઉપરથી પસાર થતા મોટા ભારે વાહનો વીર હમીરસિંહજી ગોહિલ સર્કલ થઈ નાના માચિયાળા બાયપાસ ચોકડીથી ચિતલ રોડ તરફથી અમરેલી શહેરમાં પસાર થવું.

વૈકલ્પિક રૂટ (૦૨) સાવરકુંડલા બાયપાસ ચોકડીથી તથા કુંકાવાવ જકાતનાકા બાયપાસ ચોકડીથી અમરેલી શહેરમાં પ્રવેશી લાઠી રોડ ઉપરથી પસાર થતાં મોટા ભારે વાહનો સરદાર સર્કલથી ચિતલ રોડ પરથી પસાર થવું. આ જાહેરનામું તા. ૦૪ ફેબ્રુઆરી, ૨૦૨૫ સુધી અમલી રહેશે. આ હુકમનો ભંગ કરનાર ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૧ અંતર્ગત શિક્ષાપાત્ર રહેશે.

# જાફરાબાદ સંકલ્પિત નૂતન વિદ્યાસંકુલ ખાતમુહૂર્ત વિધિ નિમિતે પત્રકાર પરીષદ યોજાઈ

અમરેલી, તા. ૧૧

૧૦૦ વર્ષની શતાબ્દીન નિમિત્તે સ્થાનિક પત્રકારોની પ્રેસ કોન્ફરન્સ (પત્રકાર પરિષદ) આ જા.કે.ઉ. મંડળ ના હોલમાં રાખવામાં આવી હતી આ પત્રકાર પરિષદમાં મુંબઈથી પધારેલા આ સંસ્થાના પ્રમુખ શ્રી કિરીટભાઈ મહેતા જે મુંબઈમાં પણ શિક્ષણ સંસ્થાઓ સાથે જોડાયેલા છે. અને જા.કે.ઉ. મંડળ ના માનદમંત્રી શ્રી યોગેશભાઈ ગોરડિયા (ટ્રસ્ટી) શિક્ષણીક સંસ્થાઓ સાથે જોડાયેલા છે. તેમજ પુજય ભાઈના મોટા ભાઈ કરૂણા શંકરભાઈ ઓઝા કે જે ઓ દેવકા વિપ્રયા પીઠ સાથે જોડાયેલા છે. તેઓ પણ મંચ પણ ઉપસ્થિત રહ્યા હતા તા. ૧૦/૧૨/૨૦૨૪ ના રોજ જાફરાબાદ જા.કે ઉ. મંડળ ના પ્રમુખ કિરીટભાઈ મહેતા દ્વારા પોતાના પ્રવચનમાં જણાવ્યું હતું કે ૧૯૨૬ માં આ સ્કુલ ની સ્થાપના થઈ હતી અને આ સ્કુલ ની ઈમારત જર્જરિત હાલતમાં હોવાથી તેનું નવનિર્માણ કરવામાં આવશે અને તેઓએ પોતાના તરફથી આ સ્કુલ નુતન વિધાલય માટે પોતેપણ એક કરોડ રૂપિયા દાન આપેલ છે. આ તકે માનદમંત્રી યોગેશભાઈ ગોરડિયા દ્વારા પોતાના પ્રવચનમાં જણાવ્યું હતું કે આ સ્કુલનુ ભુમિ પૂજન કરવા જઈ રહ્યા છે. ત્યારે ભુતપૂર્વક વિધાથીઓનો આ નવનિર્માણ માટે સાથ સહકાર આપવામાં આવ છે. અત્રે નોંધવું જરૂરી છે કે આ સ્કુલના ભુતપૂર્વક વિધાથી પી.કે. લ્હેરી આ સ્કૂલમા અભ્યાસ કરી ચુક્યા છે. તેઓ ગુજરાત સરકારમાં સચિવ તરીકે પોતાની ફરજ બજાવી ચુક્યા છે. તેમજ આ સ્કુલમાં કવિ ધ્રુવ અભ્યાસ કરી ચુક્યા છે. આ સંસ્થા વિશે પ્રવચન આપતા કરૂણા શંકરભાઈ હરીરામ ઓઝા આ સંસ્થા વિશે પોતાના મંતવ્યો જણાવ્યા હતા તેમજ આ તકે આ સંસ્થા ના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ તથા ટ્રસ્ટીઓ તથા મહાનુભાવો તથા પત્રકારો બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા આ પ્રેસ કોન્ફરન્સ રંગે ચંગે પૂર્ણ થઈ હતી આભાર વિધિ વરિષ્ઠ પત્રકાર એસ.એમ. ઘોરી એ કરી હતી.

### તાલુકા કોંગી પ્રમુખ મનિષ ભંડેરીની માંગ

# અમરેલીમાં જેશીંગપરાથી રાધેશ્યામ હોટેલ સુધીનો માર્ગ નવા બનાવો

## કાર્યપાલક ઈજનેરને પત્ર પાઠવવામાં આવ્યો



અમરેલી, તા. ૧૧

અમરેલીના જેશીંગપરાથી રાધેશયામ હોટેલ સુધીનો રોડ અત્યંત બિસ્માર હાલતમાં છે, જેને લીધે વાહનચાલકોને વાહન ચલાવવામાં પારાવાર મુશ્કેલીનો સામનો કરવો પડે છે, ખરાબ રોડના કારણે ઈમરજન્સીની સ્થિતિમાં સમયસર દવાખાને પણ પહોચી શકતું નથી, જેશીંગપરાથી રાધેશ્યામ હોટેલ સુધીનાં રોડનું અંતર કાપવું એ વાહનચાલકો માટે માથાના દુ:ખાવા સમાન છે, અત્યંત ખરાબ રસ્તાના કારણે વાહનો પણ ખખડી જાય છે, તો લોકોને પડતી મુશ્કેલીને ધ્યાનમાં રાખીને વહેલામાં વહેલી તકે જેશીંગપરાથી રાધેશ્યામ હોટેલ સુધીનો રોડ નવો બનાવવા તાલુકા કોંગી પ્રમુખ મનિષ ભંડેરીએ માર્ગ-મકાન વિભાગનાં અધિકારીને પત્ર પાઠવીને માંગ કરેલ છે.

# ખેલમહાકુંભ 3.0 – વિવિધ સ્પર્ધાઓમાં ભાગ લેવા તા.૨૫ ડિસેમ્બર સુધીમાં રજિસ્ટ્રેશન કરવું

અમરેલી, તા.૧૧

સ્પોટર્સ ઓથોરિટી ઓફ ગુજરાત, ગાંધીનગર દ્વારા ખેલમહાકુંભ ૩.૦ નું આયોજન છે. શાળા, ગ્રામ્ય તાલુકા, ઝોન કક્ષા, જિલ્લા-મહાનગર પાલિકા, ઝોન કક્ષા (ટીમ રમત) અને રાજય કક્ષાની વિવિધ સ્પર્ધા યોજાશે.

ખેલ મહાકુંભ ૩.૦ અંતર્ગત શાળા કક્ષાએ અંડર-૯, અંડર-૧૧, અંડર-૧૪ અને અંડર-૧૭ની વયજૂથમાં એથ્લેટિક્સ રમતમાં તમામ શાળાઓએ ફરજિયાત ભાગ લેવાનો રહેશે. નિયત વયજૂથના તમામ ખેલાડીઓ સ્પર્ધામાં ભાગ લેવા માટે ઓનલાઈન રજિસ્ટ્રેશન https://khelmahakumbh.gujarat gov.in પર તા.૨૫ ડિસેમ્બર, ૨૦૨૪ બુધવારની સાંજે ૬.૦૦ વાગ્યા સુધીમાં કરવું. પ્રત્યેક ખેલાડી મહત્તમ બે રમતમાં જ ભાગ લઈ શકશે.

અંડર-૯, અંડર-૧૧, અંડર-૧૪ અને અંડર-૧૭ના ગ્રુપના ખેલાડીઓએ જે-તે શાળામાંથી રજિસ્ટ્રેશન ફરજિયાત કરવું કોલેજમાં અભ્યાસ કરતા ખેલડીઓએ ઓનલાઈન અથવા કોલેજ મારફતે રજિસ્ટ્રેશન કરાવવું, અભ્યાસ ન કરતા ખેલાડીઓએ જિલ્લા રમત પ્રશિક્ષણ કેન્દ્ર પરથી પોતાના વયજૂથ પ્રમાણે રજિસ્ટ્રેશન કરવું. સ્પર્ધામાં ભાગ લેવા માટેની વય મર્યાદાની કટઓફ ડેટ તા.૩૧ ડિસેમ્બર, ૨૦૨૪ છે.

જે કક્ષાએથી સ્પર્ધા શરૂ થાય ત્યાં ટીમ રમતમાં માત્ર એક જ શાળાના વિદ્યાર્થીઓની ટીમ હોવી જોઈએ અને આચાર્ય અને શાળાનો કોડ નંબર એક હોવો જોઈએ અને બોનાફાઈડ વિદ્યાર્થીઓ હોવા જોઈએ.

રજિસ્ટ્રેશન કરતી વખતે જન્મ તારીખ સાચી દર્શાવી જો ખોટી જન્મ તારીખ હોવા અંગેની જાણ થશે તો સ્પર્ધક ૩ વર્ષ સુધી સ્પર્ધામાં ભાગ લઈ શકશે નહી. એક જિલ્લામાંથી બે જ રમતમાં ભાગ લઈ શકાશે. ખેલાડી ગુજરાત રાજયનો વતની હોવો જોઈએ અથવા ગુજરાત રાજયમાં બે વર્ષથી અભ્યાસ, નોકરી અથવા વ્યવસાયથી નિવાસ કરતો હોવો જોઈએ જેના આધાર પ્રમાણપત્ર રજૂ કરવા.શાળા-કોલેજમાં અભ્યાસ કરતા વિદ્યાર્થી તાલુકા અને જિલ્લામાંથી ભાગ લઈ શકશે. સ્પર્ધા દરમિયાન આધારકાર્ડ, ચૂંટણી કાર્ડ, બોનાફાઈડ અને બેંકની પાસબુકની નકલ સાથે રાખવી. રજિસ્ટ્રેશનને લગતી કોઈ પણ સમસ્યા બાબતે ટોલ ફ્રી નંબર ૧૮૦૦ ૨૭૪૬ ૧૫૧ પર સંપર્ક કરવો તેમ અમરેલી જિલ્લા રમત વિકાસ અધિકારીએ એક યાદીમાં જણાવ્યું છે.

### અનેક રાજ્યોમાં પડશે વરસાદ

# દેશના અનેક રાજ્યોમાં કોલ્ડ વેવની આગાહી કરવામાં આવી

## જમ્મુ-કાશ્મીર, લદ્દાખ, ગિલગિટ, બાલ્ટિસ્તાન અને મુઝફ્ફરાબાદમાં શીત લહેરનો અનુભવ થવાની સંભાવના

નવી દિલ્હી, તા. ૧૧

ઉત્તર ભારતમાં સતત થઈ રહેલી હિમવર્ષાથી દેશના હવામાનમા બદલાવ આવ્યો છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર પંજાબ, હરિયાણા, ચંદીગઢ અને પશ્ચિમ ઉત્તર પ્રદેશમાં ૧૧ ડિસેમ્બરથી સતત ઠંડીનું મોજું રહેવાની શક્યતા છે, પશ્ચિમ રાજસ્થાનમાં પહેલેથી જ ઠંડીનો અનુભવ થઈ રહ્યો છે. જમ્મુ અને કાશ્મીર, લદ્દાખ, ગિલગિટ, બાલ્ટિસ્તાન, મુઝફ્ફરાબાદમાં આજે શીત લહેરનો અનુભવ થવાની સંભાવના છે.

પૂર્વ રાજસ્થાનમાં ૧૩ ડિસેમ્બર સુધી કોલ્ડ વેવની આગાહી કરવામાં આવી છે. આ અઠવાડિયે પંજાબ, હરિયાણા, હિમાચલ પ્રદેશ, ચંદીગઢ, પશ્ચિમ મધ્ય પ્રદેશ અને પશ્ચિમ રાજસ્થાનમાં શીત લહેર આવવાની શક્યતા છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર આગામી ૨૪ કલાક દરમિયાન પશ્ચિમ બંગાળ, ઝારખંડ, સિક્કિમ, બિહાર, પૂર્વી ઉત્તર પ્રદેશ, હિમાચલ પ્રદેશ, આસામ અને મેઘાલય, નાગાલેન્ડ, મણિપુર, મિઝોરમ અને ત્રિપુરામાં ગાઢ ધુમ્મસ જોવા મળશે. હિમાચલ પ્રદેશમાં સિઝનની પ્રથમ હિમવર્ષા થઈ હતી. આગામી દિવસોમાં વધુ હિમવર્ષા ચાલુ રહેવાની ધારણા છે. ગઈકાલે જમ્મુ-કાશ્મીર અને ઉત્તરાખંડમાં પણ બરફની ચાદર જોવા મળી હતી. જમ્મુ-કાશ્મીરના ઝોજિલામાં લઘુત્તમ તાપમાન માઈનસ ૨૧ ડિગ્રી થઈ ગયું છે.

હવામાન વિભાગે આગાહી કરી છે કે ૧૩ ડિસેમ્બર સુધી તમિલનાડુ, પુડુચેરી અને કરાઈકલ સહિત દક્ષિણ ભારતના અલગ-અલગ વિસ્તારોમાં ભારે વરસાદ પડશે. આ ઉપરાંત ૧૧ થી ૧૩ ડિસેમ્બર સુધી તટીય આંધ્ર પ્રદેશ, યાનમ અને રાયલસીમાના અલગ-અલગ વિસ્તારોમાં ભારે વરસાદની સંભાવના છે. હવામાન વિભાગના ડેટા સૂચવે છે કે ૧૨ અને ૧૩ ડિસેમ્બરના રોજ દક્ષિણ આંતરિક કર્ણાટકમાં તેમજ કેરળ અને માહેમાં ૧૨ થી ૧૪ ડિસેમ્બર દરમિયાન ભારે વરસાદની સંભાવના છે.

# બગસરા : ખોજા સમાજ દ્વારા તેમના ધર્મગુરુ આગાખાનના ૮૮મી વર્ષગાંઠની ઉજવણી કરાશે



બગસરા, તા. ૧૧

સમગ્ર દુનિયામાં ખોજા જ્ઞાતિના ધર્મગુરૂ નામદાર આગાખાનનો જન્મદિવસ તા ૧૩ ડિસેમ્બરના રોજ મનાવવામાં આવી રહ્યો છે નુર મોલાના શાહ કરીમ અલ હુસેની હાજર ઈમામ(અ.સ) નામદાર આગાખાન તરીકે ઓળખાય છે તેમના મુબારક જન્મ સીઝરલેન્ડ દેશના જીનીવા શહેરમાં તા ૧૩મી ડિસેમ્બર ૧૯૩૬માં થયો હતો તેથી દર વર્ષે આ દિવસને સાલાગીરહા દિન તરીકે ઉજવણી કરવામાં આવે છે દરેક વ્યકિત માટે જન્મદિવસ ખુશીનો દિવસ છે પરંતુ ઈમામના જન્મદિવસની ખુશી અને અગત્યતા અનેક ગણી વધારે હોય છે આજે દુનિયાના અનેક દેશોમાં ખોજા જ્ઞાતિજનો ન વસવાટ છે દુનિયાના અતિ પ્રગતિશીલ દેશો જેવા કે કેનેડા ઈંગ્લેન્ડ ભારત વગેરે દેશોમાં ખોજા જમાત વસવાટ કરી રહી છે એક તરફ શહેરી જીવન ધોરણની સુધારવા આગાખાન ફાઉન્ડેશન દ્વારા રૂરલ સપોર્ટ પ્રોગ્રામ સેવા કાર્યક્રમ હાથ ધરવામાં આવ્યા હતા અગાખાન આર્કિટેકચર એવોર્ડ પુસ્તક ઉત્તમ સ્થાપત્ય માટે એવોર્ડ આપવામાં આવે છે આગાખાન હેલ્થ સર્વિસ જેવી સંસ્થાઓમાં નાતજાતના ભેદભાવ વગર લોકોના આરોગ્યની કાળજી રાખે છે નામદાર આગાખાન પોતાના સામાજિક જીવનના દિવસ દરમિયાન સમયગાળામાં ૨૪ કલાકમાંથી સતત ૧૮ થી ૨૦ કલાક પોતાના મુરદો માટે કામગીરી કરી રહ્યા છે તેમની હાલની ઉંમરમાં પણ પોતાના કામ પ્રત્યેની ચાહના હજુ પણ અકબંધ રાખેલ છે નામદાર આગાખાન સાહેબ ખોજા જ્ઞાતિઓને સંદેશ આપે છે કે સઘળા કાર્યોમાં નિયમિતતા જરૂરી છે પવિત્ર મુજબની ઉત્તમ પ્રણાલીકા મુજબ વર્તવા માટેની તેઓ ઈચ્છા ધરાવે છે તેમજ મજબનું જે શિક્ષણ ઈમામે ગુમનથી મળતું રહે છે તેને જીવનમાં ઉતારવાથી જે પોતાના મુજબની પ્રણાલિકાનું પાલન થઈ શકે તે માટે આ ભેટથી જ મોલાને તેમજ તેમના જન્મ દિવસે ખુશી કરી શકાય છે.


અમરેલી એક્સપ્રેસ
એજન્સી આપવાની છે...
અમરેલી જિલ્લાનાં લાઠી, દામનગર, ચિતલ, સા.કુંડલા રાજુલા, વીજપડી, ધારી, ચલાલા, વડિયા, માં 'અમરેલી એક્સપ્રેસ' દૈનિકની એજન્સી આપવાની છે, એજન્સી માટે ઈચ્છુક ઉમેદવારોએ રૂબરૂ સંપર્ક કરવો.
સંપર્ક
મનોજ રૂપારેલ – તંત્રી
મો.૯૮૨૫૦ ૦૭૪૪૩
જિલ્લા મધ્યસ્થ બેંક પાછળ – અમરેલી



જોઈએ છે
કોમ્પ્યુટર ઓપરેટર..........૨
CorelDraw, Photoshop, PageMaket-7,
તથા ગુજરાતી ટાઈપીંગનાં અનુભવી
અમરેલી શહેરનાં (સ્થાનિક) વ્યકિતઓએ જ સંપર્ક કરવો
રૂબરૂ મળવાનો સમય : ૧૨ : ૩૦ થી ૧ : ૩૦
અમરેલી એક્સપ્રેસ
કાર્યાલય : અમરેલી જીલ્લા મધ્યસ્થ બેંક પાછળ, અમરેલી.



જુના માર્કેટયાર્ડમાં
દુકાન વેચવાની છે...
અમરેલીનાં જુના માર્કેટયાર્ડમાં 'કળશ મોલ' ની બાજુમાં આવેલ ગ્રાઉન્ડ ફલોરની દુકાન નં.૧૩૭ વેચવાની છે.
:: સંપર્ક કરો ::
શ્રી જેરામભાઈ સોહેલીયા
મો. ૭૮૭૪૩ ૯૩૪૮૪


# મેરીટાઈમ બોર્ડનાં અધ્યક્ષ બાદ જાફરાબાદ ખાતે "આવકાર" કાર્યાલયની મુલાકાતે અંબરિષ ડેર

## આગેવાનો દ્વારા સન્માન કરાયુ



જાફરાબાદ, તા. ૧૧

જાફરાબાદ ખાતે આવેલ આવકાર કાર્યાલયની મુલાકાત લેતા પૂર્વ ધારાસભ્ય શ્રી તથા મેરીટાઈ બોર્ડ ના અપ્રયક્ષ શ્રી અંબરીશભાઈ ડેર દ્વારા મુલાકાત વખતે કોળી સમાજના અગ્રણી જીવનભાઈ બારૈયા તથા અગ્રણી યોગેશભાઈ બારૈયા દ્વારા અંબરીશભાઈ ડેર ને ગુજરાત સરકાર દ્વારા મેરીટાઈ બોર્ડના અધ્યક્ષ બનાવતાં તેઓનું શાલ ઓઢાડી સન્માનમાનીત કરવામાં આવ્યાં હતાં આ તકે ઉપસ્થિત કોળી સમાજના અગ્રણી અને સમાજીક કાર્યકર પ્રવિણભાઈ બારૈયા તથા પ્રકાશભાઈ બાંભણીયા તથા ભરતભાઈ બારૈયા તથા કિશોરભાઈ આર. સોલંકી તથા ધર્મેશભાઈ બારૈયા તથા ભુપતભાઈ આ સન્માનમાનીત કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા હતા આ સન્માનમાં રાજીપો પામી ભાવવિભોર થયા હતા આ સાથે સૌ મિત્રો સાથે અલ્પાહાર લઈ સૌ છુટા પડ્યા હતા

# અમરેલી : ગજેરા કેમ્પસ સંચાલિત જ્ઞાનશકિત સ્કૂલમાં ગીતાજયંતીની ઉજવણી






આજરોજ માગશર સુદ એકાદશીને બુધવારના રોજ શ્રીમતી એસ.એચ.ગજેરા કેમ્પસ સંચાલિત જ્ઞાનશકિત સ્કૂલમાં ''ગીતાજયંતિ''ની ભવ્ય ઉજવણીનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમની ઉજવણીમાં મુખ્ય મહેમાન આ સંસ્થાના કેમ્પસ ડાયરેકટર વસંતભાઈ પેથાણી ખાસ ઉપસ્થિત રહ્યાં હતાં. જેવોએ ભારતની ભવ્યતા અને વારસાની ધરોહર ''શ્રીમદ ભાગવત ગીતા'' વિષે મહત્વ સમજાવી આપણા જીવનમાં ગીતાજીના વિચારો લાવી ગમે તેવી પરિસ્થિતિમાં સ્થિર બની જીવનમાં આગળ વધવાની પ્રેરણા આપી આ ઉપરાંત આ કાર્યક્રમની રૂપરેખામાં મુખ્ય આકર્ષણનું કેન્દ્ર વિદ્યાર્થીઓ દ્વારા બનાવવામાં આવેલ ૨×૧.૫ ફૂટની ''શ્રીમદ ભાગવત ગીતા'' રહી હતી. આ કાર્યક્રમમાં ગીતાજીની આરતી, પૂજા, શ્લોક ગાન, ભજન, વકતવ્ય અને ગીતાપુસ્તક વિતરણ કરવામાં આવ્યું. ત્યારબાદ પ્રસાદી આપી કાર્યક્રમની સમાપનવિધિ કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં તમામ શૈક્ષણિક તેમજ બિન–શૈક્ષણિક સ્ટાફ અને તમામ વિદ્યાર્થીઓએ ઉત્સાહ, ઉમંગ સાથે ભાગ લઈ આજના દિવસને યાદગાર બનાવ્યો હતો.

### જાગૃત નાગરિક બાબુભાઈ કારેટીયાએ પત્ર પાઠવ્યો

## બાબરાનાં વાસાંવડ ગામનાં માર્ગ ઉપર આવેલ રહેણાંક વિસ્તારમાં સીસી માર્ગ બનાવવા માંગ

### વરસાદી અને ઘર વપરાશનું પાણી ભરાતું હોય પરેશાની

બાબરા, તા. ૧૧

બાબરાનાં જાગૃત નાગરિક બાબુભાઈ કારેટીયાએ માર્ગ–મકાન વિભાગનાં કાર્યપાલક ઈજનેરને પત્ર પાઠવેલ છે.

પત્રમાં જણાવેલ છે કે બાબરા ગામે થી વાસાવડ તરફ જતા રોડની બન્ને સાઈડમાં રહેણાંક હેતુ વિસ્તાર આવેલ છે. જેમાં કારેટીયાનગર તથા અમરધામ સોસાયટીનો સમાવેશ થાય છે. આ બન્ને સોસાયટી વચ્ચેથી બાબરા–વાસાવડ રોડ પસાર થાય છે. આ રોડ વારંવાર રિસરફેસીંગ થતો હોય અત્યંત ઉચો આવી ગયેલ છે. જેથી અમરધામ સોસાયટીમાં આવેલ રહેણાંક મકાનોનાં તળીયાનું લેવલ નીચુ આવી ગયેલ છે. વરસાદી પાણી તેમજ ઘર વપરાશનાં પાણીના નિકાલનો મોટો પ્રશ્ન ઉભો થયેલ છે. જેથી કારેટીયાનગર શેરી નં. ૧થી ગોકુલધામ સોસાયટીનાં મેઈન ગેઈટ સુધી આશરે ૧૧૦ મી. લંબાઈ વાળો સી.સી. રોડ બનાવવા અંતમાં માંગ કરેલ છે.

### ખાંભા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૪૧૧ | ૧૪૬૮ |
| ૨ | મગફળી | ૯૪૮ | ૧૧૦૯ |
| ૩ | તલ સફેદ | ૨૦૦૦ | ૨૦૦૦ |
| ૪ | સોયાબીન | ૫૫૧ | ૭૦૦ |
| ૫ | તુવેર | ૧૬૦૦ | ૧૬૦૦ |
| ૬ | અડદ | ૧૦૫૧ | ૧૦૫૧ |
| ૭ | ઘઉં | ૬૦૧ | ૬૦૧ |

### અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૮૫૦ | ૧૧૫૦ |
| ૨ | ગીરનારી શીંગ | ૧૦૫૫ | ૧૧૭૨ |
| ૩ | શિંગ મોટી | ૮૦૦ | ૧૨૧૦ |
| ૪ | શિંગાદાણા ફાડા | ૧૦૦૦ | ૧૨૦૦ |
| ૫ | તલ સફેદ | ૧૫૨૫ | ૨૯૩૦ |
| ૬ | તલ કાળા | ૨૭૦૦ | ૪૫૯૫ |
| ૭ | તલ કાશ્મીરી | ૩૨૦૦ | ૩૨૯૦ |
| ૮ | બાજરો | ૫૩૧ | ૫૩૧ |
| ૯ | જુવાર | ૫૪૦ | ૯૫૫ |
| ૧૦ | ઘઉં ટુકડા | ૫૫૦ | ૬૬૬ |
| ૧૧ | ઘઉં લોકવન | ૫૩૫ | ૬૨૬ |
| ૧૨ | મગ | ૫૦૦ | ૧૩૦૦ |
| ૧૩ | અડદ | ૮૦૦ | ૧૬૩૧ |
| ૧૪ | ચણા | ૭૧૦ | ૧૩૦૦ |
| ૧૫ | કપાસ | ૯૦૮ | ૧૪૬૦ |
| ૧૬ | એરંડા | ૧૧૫૫ | ૧૨૦૮ |
| ૧૭ | જીરૂ | ૧૮૨૫ | ૪૫૦૦ |
| ૧૮ | ધાણા | ૧૨૧૫ | ૧૩૩૫ |
| ૧૯ | સોયાબીન | ૬૪૦ | ૮૪૫ |
| ૨૦ | મરચા લાંબા | ૫૬૦ | ૨૬૧૦ |

### શ્રમિકોની તંદુરસ્તી માટે શ્રેષ્ઠ ભોજન જરૂરી

## સાવરકુંડલાનાં શ્રમિકોને અન્નપૂર્ણા યોજનાનો લાભ સંલગ્ન વિભાગે આપવો જોઈએ

### રૂપિયા પાંચનાં નજીવાદરે સુવિધા આપવી જરૂરી

સાવરકુંડલા, તા. ૧૧

રાજયના શ્રમિક પરિવારોની ક્ષુધા સંતોષવા માટે ગુજરાત સરકારે 'શ્રમિક અન્નપૂર્ણા યોજના શરૂ કરીને એક નવી કેડી કંડારી છે. રાજયના મકાન અને અન્ય બાંધકામ શ્રમિકોને પૌષ્ટિક, સાત્વિક અને સ્વાદિષ્ટ ભોજન મળી રહે, ઉપરાંત તેમનું આર્થિક ભારણ પણ ઘટે તે માટે આ યોજના હેઠળ રાજય સરકાર દ્વારા માત્ર રૂા. ૫ ના રાહતદરે તેમને ભરપેટ ભોજન આપવામાં આવે છે. રાજયમાં અત્યારે ૧૯ જિલ્લાના કુલ ૨૯૦ કડિયાનાકાઓ ખાતે આ ભોજન વિતરણ કેન્દ્રો કાર્યરત છે. શ્રમ અને રોજગાર મંત્રી બલવંતસિંહ રાજપૂતે આ સંદર્ભે જણાવ્યું હતું કે, ગુજરાતના દરેક શ્રમયોગીને રાહતદરે પૌષ્ટિક ભોજન પૂરૂ પાડવું એ મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વ હેઠળની સરકારનો મુખ્ય ધ્યેય છે. માત્ર એપ્રિલ–૨૦૨૪થી અત્યાર સુધીમાં જ હજારો શ્રમિક પરિવારોને રૂ. ૫/–માં કુલ ૭૫.૭૦ લાખથી વધુ ભોજનનું વિતરણ કરવામાં આવ્યું છે. રાજયના વધુમાં વધુ બાંધકામ શ્રમિકો સુધી શ્રમિક અન્નપૂર્ણા યોજનાનો લાભ પહોંચાડવા માટે આગામી સમયમાં નવા ૧૦૦ કડીયાનાકા ખાતે ભોજન વિતરણ કેન્દ્રો શરૂ કરવાનું રાજય સરકારનું આયોજન છે. શ્રમિક પરિવારોને માત્ર રૂા. ૫ ના નજીવા દરે ભોજન પૂરૂ પાડવા માટે પ્રતિ ભોજન રાજય સરકાર તરફથી રૂપિયા ૩૭ ની સબસિડી ચૂકવવામાં આવે છે સાવરકુંડલા શહેરના શ્રમિકોને પણ આ યોજનાનો લાભ મળે એ માટે સંલગ્ન તંત્ર દ્વારા યોગ્ય કાર્યવાહી હાથ ધરવી જોઈએ.

હવે વાત કરીએ સાવરકુંડલા શહેરની તો ગાંધીચોકના દુકાનના પાટિયા એસા.કુ.નું કડિયા નાકું! કડકડતી ઠંડી હોય એવાં ગાઢ શિયાળાની ટાઢે ઠરતાં !! ચોમાસામાં ૪ મહિના પલળતાં ઉનાળાનો તડકો વેઠતાં ''અખંડ રોજી ! હરિના હાથમાં'' એ વિચારના દ્રષ્ટિકોણવાળો આ દેશમાં હરિ પર અતૂટ અને અડગ શ્રદ્ધા રાખી રોજ સવારે સાવરકુંડલા ખાતે આવેલ ગાંધી ચોકમાં. કડીયા, દાડિયા દરરોજ, દાડીની શોધમાં આવતાં જોવા મળે છે.

એટલે ગાંધી ચોકના બંધ દુકાનના એ પાટિયા એને જ કડિયા નાકું ગણીએ તો અતિશયોકિત નહીં ગણાય. સરકાર જયારે અસંગઠિત શ્રમિકો માટે ભોજનપ્રબંધ માટે કોઈ યોજના બનાવે ત્યારે સા. કું ના શ્રમિકો 'કડિયા નાકા' અને ભોજનથી વંચિત કેમ ? એવો અણિયાળો સવાલ સાવરકુંડલા પ્રબુદ્ધ નાગરિક હર્ષદભાઈ જોશી દ્વારા ઉઠાવવામાં આવેલ છે. સરકાર ૧૦૦ વધુ અન્નપૂર્ણા યોજના અંતર્ગત ભોજન વિતરણ કેન્દ્રો શરૂ કરવાના છે ત્યારે સાવરકુંડલાના આ શ્રમિકોને પણ આ યોજનાનો લાભ મળે તે તરફ સરકારે ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ તેમજ સાવરકુંડલાના શ્રમિકો આ યોજનાથી વંચિત ન રહે એવી વ્યવસ્થા ગોઠવવામાં આવે એવું કદમ સરકાર દ્વારા ઉઠાવવામાં આવે એવી સાવરકુંડલાના પ્રબુદ્ધ નાગરિક હર્ષદભાઈ જોશીએ માંગણી કરી છે.

### ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૨૭૫ | ૧૪૫૨ |
| ૨ | મગફળી | ૭૯૯ | ૧૧૬૦ |
| ૩ | ઘઉં | ૫૪૦ | ૫૮૩ |
| ૪ | ચણા | ૧૦૦૫ | ૧૨૬૦ |
| ૫ | અડદ | ૧૨૧૫ | ૧૨૫૦ |
| ૬ | ધાણા | ૧૩૦૦ | ૧૩૦૫ |
| ૭ | સોયાબીન | ૭૦૦ | ૭૮૬ |
| ૮ | દેશી ચણા | ૧૪૦૦ | ૧૪૦૦ |
| ૯ | છોલે ચણા | ૧૮૦૦ | ૧૮૦૦ |

### સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ જીણી | ૯૫૧ | ૧૨૧૨ |
| ૨ | શીંગ મોટી | ૧૦૦૦ | ૧૧૭૫ |
| ૩ | તલ સફેદ | ૨૧૦૦ | ૨૫૯૪ |
| ૪ | જીરૂ | ૩૮૫૦ | ૪૪૦૦ |
| ૫ | કપાસ | ૧૩૫૧ | ૧૪૭૦ |
| ૬ | ઘઉં લોકવન | ૫૫૦ | ૬૩૩ |
| ૭ | ઘઉં ટુકડા | ૫૬૦ | ૬૩૧ |
| ૮ | બાજરો | ૪૦૦ | ૬૭૭ |
| ૯ | જુવાર | ૩૭૧ | ૭૫૧ |
| ૧૦ | મગ | ૧૮૦૧ | ૧૯૦૦ |
| ૧૧ | અડદ | ૯૫૧ | ૧૬૧૧ |
| ૧૨ | ચણા | ૯૮૫ | ૧૩૦૦ |
| ૧૩ | તુવેર | ૧૧૦૦ | ૧૬૫૦ |
| ૧૪ | રાય/રાયડો | ૧૦૦૦ | – |
| ૧૫ | ધાણા | ૧૨૦૦ | ૧૪૫૧ |
| ૧૬ | સોયાબીન | ૬૯૦ | ૭૭૪ |

### બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૨૦૦ | ૧૪૬૮ |
| ૨ | ઘઉં લોકવન | ૪૬૦ | ૫૯૧ |
| ૩ | ઘઉં ટુકડા | ૫૫૪ | ૬૦૦ |
| ૪ | મેથી | ૧૦૦૦ | ૧૦૦૦ |
| ૫ | સોયાબીન | ૫૦૧ | ૭૯૨ |
| ૬ | મગફળી | ૭૬૦ | ૧૦૭૫ |
| ૭ | ચણા | ૧૦૭૦ | ૧૨૫૦ |
| ૮ | તલ સફેદ | ૧૪૫૫ | ૨૩૩૦ |
| ૯ | ધાણા | ૧૦૧૦ | ૧૩૨૫ |
| ૧૦ | મગ | ૧૪૬૫ | ૧૪૬૫ |
| ૧૧ | અડદ | ૧૦૦૦ | ૧૨૨૦ |
| ૧૨ | શીંગદાણા | ૧૧૧૦ | ૧૨૦૦ |
| ૧૩ | ચણા સફેદ | ૧૧૦૦ | ૧૨૧૬ |

## લાઠી : તા. ૨૪ ડિસેમ્બરે તાલુકા સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમ

અમરેલી, તા.૧૧

લાઠી તાલુકાનો સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમ તા.૨૪ ડિસેમ્બર, ૨૦૨૪ના રોજ સવારે ૧૧ કલાકે લાઠી તાલુકા મામલતદાર કચેરી ખાતે યોજાશે.

તાલુકા કક્ષાના અધિકાર વાળા સરકારી બાકી કામો માટે અરજદાર અંગત પ્રશ્નો રજૂ કરવા માંગતા હોય, તે નાગરિકોએ સામૂહિક કે નીતિ વિષયક પ્રશ્નો સિવાયના પ્રશ્નો તા.૧૬ ડિસેમ્બર, ૨૦૨૪ના રોજ બપોરે ૦૩ કલાક સુધીમાં લાઠી તાલુકા મામલતદાર કચેરી ખાતે રૂબરૂ અથવા પોસ્ટ મારફતે મોકલવી.

અરજીના મથાળે ''તાલુકા સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમ'' અવશ્ય લખવું, તેમ લાઠી તાલુકા મામલતદારએ એક યાદીમાં જણાવ્યું.


**સંકુલ B.Pharm. & M.Pharm. કોલેજ ચાલુ**
**નવી Pharm D કોલેજ – મંજુરી પ્રક્રિયા ચાલુ**

* સંકુલ માં GTU & PCI માન્યતા પ્રાપ્ત B.Pharm. & M.Pharm. કોલેજ ચાલુ છે.
* સંકુલ માં Pharm D નવી કોલેજ ની GTU & PCI માં મંજુરી પ્રક્રિયા ચાલુ છે.
* Pharm D – ધો. ૧૨ પછી સીધો PG લેવલનો ૬ વર્ષ નો ડોક્ટરેટ કોર્સ છે.
* ફોરેનમાં તેઓ હોસ્પીટલમાં ફાર્માસીસ્ટ તરીકે વર્ક કરે છે.
* ભારતમાં તેઓ ઈન્ડસ્ટ્રીઝ માં કલીનીકલ ફાર્મા રીચર્સ તરીકે વર્ક કરે છે.

**શ્રી અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત(અમરેલી)**
સ્થળ:–શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા શૈક્ષણિક સંકુલ(ગર્લ્સ), ચક્કરગઢરોડ, અમરેલી. -Ad 082


### બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ શંકર | ૧૪૨૦ | ૧૪૫૬ |
| ૨ | કપાસ મીડીયમ | ૧૧૫૦ | ૧૨૪૫ |
| ૩ | મગફળી ૨૦ નંબર | ૧૦૮૯ | ૧૧૨૦ |
| ૪ | મગફળી બી.ટી. | ૯૧૫ | ૯૮૦ |
| ૫ | અડદ | ૧૨૪૫ | ૧૩૩૦ |
| ૬ | ઘઉં | ૫૦૧ | ૫૬૦ |
| ૭ | તલ સફેદ | ૨૦૩૦ | ૨૧૩૫ |
| ૮ | જીરૂ | ૩૯૨૦ | ૪૨૦૦ |
| ૯ | સોયાબીન | ૭૭૬ | ૭૯૦ |
| ૧૦ | ચણા | ૧૦૭૦ | ૧૧૩૫ |

### રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ | ૮૦૦ | ૧૦૬૦ |
| ૨ | તલ સફેદ | ૨૦૦૦ | ૨૧૫૧ |
| ૩ | કપાસ | ૧૩૦૦ | ૧૪૪૦ |
| ૪ | બાજરો | ૪૬૦ | ૬૧૮ |
| ૫ | ઘઉં ટુકડા | ૫૬૦ | ૬૨૫ |
| ૬ | જુવાર | ૫૪૦ | ૭૭૫ |
| ૭ | મકાઈ | ૪૮૦ | ૪૮૦ |
| ૮ | મગ | ૧૬૦૧ | ૨૨૨૦ |
| ૯ | અડદ | ૯૪૫ | ૧૮૦૦ |
| ૧૦ | તુવેર | ૧૨૦૪ | ૧૨૦૪ |
| ૧૧ | ચણા | ૧૦૫૦ | ૧૨૦૦ |

# ચલાલા : ગાયત્રી સંસ્કાર વિદ્યાલયમાં વાલી દિવસ ઉજવાયો






શિક્ષણ અને સંસ્કારના સુત્રને સાર્થક કરતી તેમજ દર વર્ષે ધોરણ – ૧૦ અને ધોરણ ૧૨ બોર્ડના સુંદર રીઝલ્ટ લાવી અને બાળકોનું જીવનઘડતર જ જેમનો મુખ્ય ઉદેશ્ય છે તેવી ગાયત્રી સંસ્કાર વિદ્યાલય તેમજ ગાયત્રી સંસ્કૃત શકિત ગુરૂકુળ તથા હરિબા મહિલા કોલેજમાં વાલી મીટીંગ યોજાઈ હતી. જેમાં બધા વાલીઓ ખુબ જ હર્ષોલ્લાસ સાથે પોતાના લાડકવાયા દીકરા/દીકરીઓને મળવા આવ્યા હતા. મળવાની સાથે બાળકો માટે પોતાના ઘરેથી તેમની મનપસંદ વસ્તુઓ લાવ્યા હતા. બાળકો સાથે વાતચીત કરી હતી અને બાળકોએ પણ પ્રોજેકટર દ્વારા સુંદર શૈક્ષણિક કાર્ય ચાલે છે. દર અઠવાડિયે ટેસ્ટ લેવાય છે. નબળા વિષયો પર પુરતું ધ્યાન આપવામાં આવે છે. તમે ચિંતા ના કરશો એવું આશ્વાસન આપી વાલીને સંતોષકારક જવાબ બાળકોએ આપ્યો હતો. પૂ.ડો. રતિદાદાએ આશીર્વાદ પાઠવ્યા હતા. શાળામાં અભ્યાસ સાથે ચાલતી સહ અભ્યાસીક પ્રવૃતિમાં કરાટે, ધનુવિદ્યા, સ્કેટિંગ, ઘોડેસવારી, રાઈફલ શુટિંગ જેવી અનેક પ્રવૃતિઓ પણ બાળકોને કરાવવામાં આવે છે. બધા વાલીઓ પણ શિક્ષણ સાથે સંસ્કારના સમન્વયને નિહાળી ખુબ રાજી થયા હતા. બધાએ સાથે ભોજન લઈ વિદાય લીધી હતી. શાળાના ડાયરેકટર ભારતભૂષણ મહેશભાઈ મહેતા તથા આચાર્ય શીતલબેન મહેતાએ જહેમત ઉઠાવી કાર્યક્રમ સફળ બનાવ્યો હતો.

# રીંગણા, ભીંડો, ગુવાર, ટમેટાનાં ભાવમાં જાહેર માર્કેટ કરતાં તગડો વધુ ભાવ

# ભૈ વાહ : પ્રાકૃતિક ખેતી દ્વારા શાકભાજી તૈયાર કરવામાં આવ્યા

**ખેડુત જીવામૃત, બીજામૃત, ધનજીવામૃત, અર્ક, બ્રહ્માસ્ત્ર દ્વારા ગાય આધારિત ખેતી કરે છે.**

**શરૂઆતમાં પ્રાકૃતિક ખેતી કરવામાં અનેક મુશ્કેલીઓનો સામનો પણ કર્યો**

**ચાલુ વર્ષે અંદાજિત રૂપિયા પાંચ થી છ લાખ રૂપિયાનું ઉત્પાદન મેળવવાનો ઉદેશ્ય**

**લીલીયા મોટાના ખોબા જેવડા આંબા ગામમાં જયસુખભાઈ નામના ખેડુતની જબ્બરી કામગીરી**



અમરેલી, તા. ૧૧

અમરેલી જિલ્લામાં મોટા ભાગના ખેડૂતો હવે પ્રાકૃતિક ખેતી કરતા થયા છે અને પ્રાકૃતિક ખેતી ગાય આધારિત ખેતી કરે છે જેથી નફાકારક ખેતી થાય છે ખર્ચમાં ઘટાડો થાય છે અને ઉત્પાદનમાં વધારો થાય છે તો જેની સાથે જ પ્રાકૃતિક ઓર્ગેનિક ખેતી હોવાથી ઉત્પાદિત થયેલ જણસના ભાવ જાહેર માર્કેટ કરતાં વધુ સારા મળી રહે છે લીલીયા તાલુકાના આંબા ગામના ખેડૂત જયસુખભાઈએ ૬ વર્ષથી પ્રાકૃતિક ખેતી કરે છે અને હાલ રીંગણા, ભીંડો, ગુવાર, ટમેટાનો જાહેર માર્કેટ કરતાં ૮ ગણો વધુ ભાવ મેળવી રહ્યા છે પ્રાકૃતિક ખેતી અને કેમ મળી રહ્યો છે માર્કેટિંગ કરતા વધુ ભાવો આંબા ગામના પ્રગતિશીલ ખેડૂત જયસુખભાઈ માંડણી પોતે ગાયના ગૌમૂત્રમાંથી જીવામૃત, બીજામૃત, ઘનજીવામૃત ૧૦ પરણી, અર્ક બ્રહ્માસ્ત્ર, નિમાસ્ત્ર અને અગ્નિહોસ્ત્ર દ્વારા ગાય આધારિત ખેતી કરે છે જેથી પોતાને આ ખેતીમાં ખૂબ જ સફળતા મળી રહી છે. પોતે ૩ ગીર ગાય રાખે છે અને ગાયનું દૂધ છાણ ગૌમુત્ર અને છાશનો ઉપયોગ ખેતીમાં કરે છે. શરૂઆતના સમય દરમિયાન પ્રાકૃતિક ખેતી કરવી ખૂબ જ મુશ્કેલ લાગતી હતી પરંતુ પ્રાકૃતિક ખેતી અપનાવ્યા બાદ ખૂબ જ સરળ ખેતી છે અને ઉત્પાદન પણ સારૂ મળી રહે છે હાલ શાકભાજીનું વાવેતર કરવામાં આવેલું છે શાકભાજીમાં ભીંડો, મરચા, ટમેટા, કોબી અને રીંગણાનું વાવેતર કરવામાં આવેલું છે અને હાલ ઉત્પાદન ચાલુ છે તમામ શાકભાજી અમરેલી, લીલીયામાં મોકલવામાં આવે છે અને સારા ભાવ મળી રહે છે ૮૦ રૂપિયા રીંગણા, ભીંડો નો હાલ ભાવ પોતાને મળી રહે છે અને ચાલુ વર્ષે અંદાજિત ૫ થી ૬ લાખ રૂપિયાનું ઉત્પાદન પ્રાકૃતિક ખેતી માંથી મળી રહે છે ત્યારે પ્રાકૃતિક ખેતીના શાકભાજી લેવા છેક અમરેલીથી આંબા સુધી આવે છે.

આંબા ગામમા આવેલ જયસુખભાઈ માંડણીના ખેતીવાડીમાં ઉત્પાદન થતા શાકભાજીની ખરીદી કરવા અમરેલીથીલોકો આવે છે અંદાજિત અમરેલી અને આંબા વચ્ચે ૧૨ કિલોમીટરનું અંતર છે પરંતુ સજીવ ખેતી હોવાથી ખરીદી કરવા આવે છે જેથી આરોગ્ય સાઢં રહે અને શારીરિક રોગો માંથી મુકિ મળે જેથી ૮ ગણો ભાવ આપીને પણ આરોગ્યની દ્રષ્ટિએ શાકભાજી વધુ ગુણકારી અને ફાયદાકારક હોવાનું અમરેલીના શિક્ષક યોગેશ પરમારે જણાવ્યું હતું ત્યારે પ્રાકૃતિક ખેતી થકી શાકભાજીમાં જમીનને ગાયના ગેમૂત્રમાંથી જીવામૃત, બીજામૃત, ઘનજીવામૃત ૧૦ પરણી, અર્ક બ્રહ્માસ્ત્ર, નિમાસ્ત્ર અને અગ્નિહોસ્ત્ર દ્વારા ગાય આધારિત ખેતી જયસુખ માંડાણી ખારાપાટના આંબામાં કરી રહ્યા છે.

પોતાના ખેતીવાડીના શેઢ ાપાડા ઉપર બાગાયતી પાકનું વાવેતર પણ કરવામાં આવ્યું છે જે આગામી બે વર્ષમાં જેનું પણ ઉત્પાદન મળી રહેશે તો સાથે જ ૫ વીઘા જમીન છે જેમાં પ્રાકૃતિક ખેતી કરે હાલ ૫ વીઘામાં કરે છે. ૨૦૧૮ થી પ્રાકૃતિક ખેતી કરવવાની શરૂઆત કરવામાં આવી હતી શરૂઆતના સમય થોડું ઉત્પાદન ઓછું આવતું હતું પરંતુ હાલ સાઢં ઉત્પાદન મળી રહે છે તેમજ ઉત્પાદિત વસ્તુઓના બજાર માર્કેટ કરતા વધુ સારા ભાવ મળે છે. અને દરેક લોકો વાડીએ આવી ખરીદી કરે છે સાથે જ સુરત અને અમદાવાદનાલોકો ઓડર આપે છે એ મુજબ મોકલવામાં આવે છે માર્કેટિંગમાં ૧૦ રૂપિયાના કિલો રીંગણા, ભીંડો, ગુવાર મળી રહે છે પરંતુ પ્રાકૃતિક અને ગાય આધારિત ઓર્ગેનિક ખેતી હોવાથી પોતે ખેડૂત જયસુખભાઈના ખેતરે થી ૮૦ રૂપિયાનો એક કિલો શાકભાજીની ખરીદી કરવા માટે આવે છે અને સાઢં એવું રીંગણા, કોબી, ભીંડો અને મરચાની ખરીદી કરે છે અને ગાય આધારિત ખેતી હોવાથી સ્વાદમાં ખૂબ જ તફાવત જોવા મળે છે જેથી મોટાભાગના લોકો હવે જયસુખભાઈના વાડીએ પ્રાકૃતિક શાકભાજીની ખરીદીનો આગ્રહ રાખે છે.

## જિંદગીની આ લાંબી સફરમાં ઘણાં એવા ઈશ્વરીય સંકેતો મળતાં હોય છે કે જે તમને અસ્તિત્વના પ્રભાવને સ્વીકાર કરવા પ્રેરે છે

સાવરકુંડલા, તા. ૧૧

વાત છે આ ૨૦૧૮ની સાલની અમે જામનગરથી દ્વારકા નગરી તરફ જવા નીકળ્યા. આજે બેટ–દ્વારકા જવા માટે જે અદભૂત બ્રીજ છે જેને સુદર્શન બ્રીજ કહેવાય છે ત્યારે તેનું નિર્માણ થયું ન હતું એટલે બોટ દ્વારા બેટ – દ્વારકા જવું પડતું. એટલે ગાડીને પાર્કિંગ પ્લેસ પર પાર્ક કરી અમે રીક્ષામાં બોટ સુધી જવા નિકળ્યા. બેટ દ્વારકાથી પરત ફરતાં ફરી પાછા રીક્ષા દ્વારા અમારી કાર જયાં પાર્ક કરીહતી ત્યારે બેટ દ્વારકાથી પરત ફરતાં, પાકીગ સુધી પહોંચતાં ઉતાવળમાં અમે અમાંરૂ કિંમતી પર્સ રીક્ષામાં ભૂલી કારમાં બેસતી વેળાએ યાદ આવતાં ફરી રીક્ષા પોઈન્ટ પર ગયા અમારી પાસે રીક્ષાચાલકની કોઈ જાતની માહિતી ન હતી.

પરંતુ આછી માહિતી જેમકે રીક્ષા પર આગળ ત્રાંસા નંબર હતાં આટલી માહિતીને આધારે ત્યાંના રીક્ષાચાલકોએ અમને સહકાર આપ્યો અને માહિતી આપી કે તે રીક્ષાચાલક દ્વારકા તરફ મુસાફરો લઈને રવાના થઈ ગયા હતાં રીક્ષાચાલકો પૈકી એક રીક્ષા ચાલક અમારી કારમાં દ્વારકા સાથે આવેલ છેક મોડી રાત સુધી અમારી સાથે રહેલ અને અંતે રાત્રે દસ વાગ્યે અમારી પાસે એક ફોન આવ્યો કે આપનું એક પર્સ અમારી પાસે છે આપ કયાં છો ?

સબરસ રેસ્ટોરન્ટે આવી લઈ જાવ અમે એ પર્સ તે જ રીક્ષા ચાલકને મૂળ માણેકના પૂતળાં પાસે આવી જવાનું કહેલ અને તે રીક્ષા ચાલકે આવી અમને પરત કરેલ અને પુરસ્કાર લેવામાં પણ અનિચ્છા વ્યકત કરી પરંતુ અમે તેને આગ્રહપૂર્વક ખુશી ભેટ આપી અને માધુપુર દરીયાઈ બીચમાં રેતાળ કિનારે કાર ફસાઈ ગઈ પરંતુ ત્યાંના લોકોએ પણ સહકાર આપ્યો અને ત્યાંથી પસાર થતાં એક પ્રભુ ભકતે અમારી કારને તેમની કૂનેહથી અમારી કાર રેતાળ પટ્ટી પરથી બહાર કાઢી આપી. તો પ્રારંભમાં જ સાવરકુંડલાથી ઘરેથી નીકળતી વખતે અમે ઘર બહાર અમારી કિંમત સામાન ભરેલી બેગ ભૂલી ગયા હતા કારમાં લગભગ પંદરેક મિનિટે માલસામાન ચેક કરતાં એ બેગ તો ઉતાવળમાં ઘર બહાર ભૂલી ગયાનો ખ્યાલ આવ્યો અને તુરંત જ કારને ઘર તરફ હંકારી ઘરે પહોંચતાં બેગ ઘર બહાર સલામત પડી હતી. તેવું કંઈક જ આ વખતે પણ હજુ એક સપ્તાહ પહેલાં એક અદ્ભુત ઘટના બની અમારા શિરડી જવા પ્રયાણ કરતાંના થોડા સમય પહેલાં જ એટલે કે એ સવારે અમારો કિંમતી મોબાઈલ ફોન અચાનક બંધ થઈ ગયો.!! આ સંદર્ભે આ મોબાઈલ ચાલુ કરવા ઘણા પ્રયત્નો કર્યા પરંતુ મોબાઈલ ચાલુ ન થતાં અંતે તે મોબાઈલમાંથી કાર્ડ કાઢીને શુભેચ્છક સતીષભાઈ પાંડેની ઘરે પહોંચતાં ત્યાં તેમણે મોબાઈલ હાથમાં લઈને શરૂ કરતાં પુનઃ ફરી ચાલુ થઈ ગયો.!! તો વળી હજુ બે દિવસ પહેલાં જ સાવરકુંડલા ખાતે આપાલાખાની જન્મજયંતિ નિમિત્તે ન્યૂઝ કવરેજ માટે ગયેલ અને ન્યૂઝ કવર કરી વળતાં પરત ફરતાં સ્કૂટર પર એક એકસીડન્ટ થતાં બચી જવાયું. અચાનક કોઈ ઈરીય સંકેત થયો અને ગાડી બ્રેક થઈ ગઈ.!!! જિંદગીમાં આવા પ્રસંગો આપની શ્રધ્ધાને વધુ બળવત્તર બનાવે છે. આમ શ્રધ્ધાના પણ પુરાવા હોય છે ખરાં... જિંદગીમાં બનતાં આવા તમામ પ્રસંગોને પ્રભુકૃપા જ ગણી શકાય...

અંતમાં ''બસ એ અહેસાસના શ્વાસ આમ અંકુરિત થતાં, પળવાર ન લાગે, અરે ભાઈ, વીજળીના ચમકારે પણ મોતીડાં ક્ષણભરમાં પરોવાઈ જાય છે..!!'' – **પાંધીસર**

## વડિયા ખાતે પોલીયો રસીકરણ કાયક્રમ યોજાયો



વડેરા, તા.૧૧

વડેરામાં આયુષ્યમાન આરોગ્ય મંદિર દ્વારા તારીખ–૦૮/૧૨/૨૦૨૪ના રોજ એસ એનઆઈડી પોગ્રામ અંતર્ગત વડેરા ગામખાતે ૧૩૦ બાળકોને અને રંગપુર ગામ ખાતે ૩૫ બાળકોને પોલીયો રસીથી રક્ષિત કરવામાં આવ્યાં. વડેરા ગામે આ કાર્યક્રમનું ઉદઘાટન વડેરા ગામના જીલ્લા પંચાયત સભ્ય પ્રવિણભાઈ માગરોલીયા તથા વડેરા ગામના ઉપસરપંચ વિજયભાઈ બારૈયા દ્વારા અને રંગપુર ગામે કીર્તિભાઈ જોષી કરવામાં આવ્યું હતું. આ સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા માટે આયુષ્યમાન આરોગ્ય મંદિર વડેરાના સ્ટાફ સપનાબેન રાણવા, કિરણબેન દુધાત, ડી.જી.રાજયગુરૂ, બીલ્કીસબેન ભટ્ટી, કાજલબેન જાદવ અને હર્ષાબેન મૈયાત્રા એ જહેમત ઉઠાવેલ હતી.

## અમેરિકા સ્થિત ડોકટર દંપતિનાં સહયોગથી લોકસાહિત્યકાર બાલકૃષ્ણ દવે ૨૦૨૪નો એવોર્ડ ભજનીક નિરંજનીભાઈ પંડયાને એનાયત

**ડો.રતિભાઈ મહેતા, ભકિતરામબાપુ, અશ્વિનભાઈ સાવલિયા, ડો.રાજેશ પટેલ, શશીભાઈ મોદી ઉપસ્થિત રહેલ**



અમરેલી, તા.૧૧

ચીતલ વિદ્યા ભારતી ટ્રસ્ટ પ્રેરિત બાલકૃષ્ણ દવે સાહિત્યસભા દ્વારા અમેરિકા સ્થિત ડો. રાજેશ ભાઈ પટેલ અને ડો. ઉષાબેન પટેલના સહયોગથી બાલકૃષ્ણ દવેના જન્મદિવસ નિમિત્તે લોક સાહિત્યકાર બાલકૃષ્ણ દવે એવોર્ડ ૨૦૨૪ ડોકટર રાજેશભાઈ પટેલના અધ્યક્ષ સ્થાને એનાયત કરવામાં આવે આ સમારોહનું ઉધ્ઘાટન લોક સાહિત્ય સેતુ અમરેલી જિલ્લાના પ્રમુખ મહેન્દ્રભાઈ જોશીના હસ્તે સમારોહનો પ્રારંભક કરવામાં આવેલ આ પ્રસંગે માનવ મંદિર સાવરકુંડલાના ભક્તિરામ બાપુ , ગાયત્રી સંસ્કારધામ ચલાલાના પૂ. રતિદાદા મહેતા એ આશીર્વાદ પાઠવેલ હતા. આ પ્રસંગે મુખ્ય મહેમાન પદે અમર ડેરીના ચેરમેન અશ્વિનભાઈ સાવલિયા, ખોડલધામ સમાધાન પંચના અધ્યક્ષ મનુભાઈ દેસાઈ, અમરેલી જિલ્લા પંચાયતના ઉપપ્રમુખ સુરેશભાઈ પાથર, વિશ્વ હિન્દુ પરિષદ અમરેલી જિલ્લા ઉપપ્રમુખ વિજયભાઈ દેસાઈ, જાણીતા ઉદ્યોગપતિ ભરતભાઈ દેસાઈ, કાળુભાઈ ધામી, લોક સાહિત્યકાર કૌશિક દવે, લોકસેવક હનુભાઈ વાળા, અમરેલી જીવરાજ મહેતા ટ્રસ્ટના ટ્રસ્ટી મોટાભાઈ સવટ, ગુજરાતી ચલચિત્ર ના બીજુદુ મહેતા, લેખક શશીભાઈ મોદી મુંબઈ, વગેરે ઉપસ્થિત રહેલ. આ સમારોહમાં ભજનીક નિરંજનાય પંડયાને બાલકૃષ્ણ સાહિત્યસભા પ્રમુખ ઈતેશભાઈ મહેતા મંત્રી હસુભાઈ મહેતા એડવોકેટ રાજેશ્વરી રાજયગુરૂ રમેશ પારેખ સાહિત્ય વર્તુળવતી હરજીવન દાફડા, સ્નેહી પરમાર, સૌરભ સંસ્થાન રાજુલા, શશીભાઈ રાજયગુરૂ, બાલમુકુંદ ધરાય, હવેલી ધર્મેશભાઈ જોશી, રામામંડળ ચિત્તલ નરૂભાઈ પંડયા ચેમ્બર ઓફ કોમર્સ ચિતલ સુખદેવસિંહ સરવૈયા અશોકભાઈ મોદી, દેસાઈ પરિવાર મનુભાઈ દેસાઈ, વિજયભાઈ દેસાઈ, ભરતભાઈ દેસાઈ, જે.બી. દેસાઈ, વૈષ્ણવ સંપ્રદાય ચિતલ વતી અશોકભાઈ નિર્મળ વિપુલભાઈ જોશી, વિનય ગ્રુપ મનસુખભાઈ નાડોદા મોક્ષધામ યુવક મંડળ જશવંત ભાવેશભાઈ દેસાઈ એકતા શરાફી મંડળી રંજનબેન ડાભી વિશ્વ હિન્દુ પરિષદ ચિતલ રમેશભાઈ સોરઠીયા, સહકારી મંડળી સુરેશ ભાઈ તળાવિયા, ગાયત્રી મહીલા મંડળ વતી રમાબેન ચાવડા, રંજન બેન બાબરીયા, નેત્રયજ્ઞ સમિતિ વતી બિપીન ભાઈ દવે, દિનેશ ભાઈ મેસીયા વગેરે સંસ્થાઓ દ્વારા નિરંજનભાઈનું સન્માન કરવામાં આવેલ.

## ઈન્ડિયન રેડ ક્રોસ સોસાયટી તાલુકા શાખા દ્વારા સાવરકુંડલા ખાતે આંખોની તપાસ તથા મફત ચશ્મા વિતરણનો કેમ્પ યોજાશે

**જરૂરિયાત મંદોને લાભ લેવા અનુરોધ**

સાવરકુંડલા, તા. ૧૧

ગુજરાત રેડક્રોસ સોસાયટીના ચેરમેન અજયભાઈ પટેલના વિઝન હેઠળ ગુજરાતના ગરીબ તથા મધ્યમવર્ગના વ્યકિતઓને આરોગ્યલક્ષી સેવાઓ મળી રહે તેમાટે અનેકવિધ સેવા પ્રકલ્પો થઈ રહ્યાં છે. આ હેઠળ ગુજરાતની પ્રજાને આંખોની તકલીફથી રાહત તથા મફત ચશ્માની સગવડ મળી રહે તે હેતુથી ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી સાવરકુંડલા તાલુકા શાખા દ્વારા સાવરકુંડલા શહેરમાં આવેલ ગાંધી ધર્મશાળા ખાતે તારીખ ૨૫ મી ડિસેમ્બર બુધવારના રોજ સવારે ૯ થી ૧૨ના સમય ગાળા દરમિયાન આંખોની તપાસ તથા મફત ચશ્મા વિતરણનો કેમ્પ યોજાશે. આ આયોજિત કેમ્પમાં ભાગ લેવા માટે રૂપિયા પાંચ આપી નીચેના સ્થળોએ રજિસ્ટ્રેશન કરાવવું જરૂરી છે. રજિસ્ટ્રેશન માટે સાવરકુંડલા શહેરમાં આવેલ ગજાનંદ કલીનીક લેબોરેટરી મહુવા રોડ ખાતે મેહુલભાઈ વ્યાસ ૯૪૨૬૨૨૮૫૭૪, ૮૮૬૬૬૨૧૧૪૩ વર્ધમાન હોસ્પિટલ – ૯૪૦૯૧ ૬૫૯૬૫ તથા પીપળીયા હોસ્પિટલ ખાતે ૦૨૮૪૫૨૨૨૫૫ નંબર પર સંપર્ક કરવા જણાવવામાં આવ્યું છે.

## સાવરકુંડલા બાર એસોસિએશનના પ્રમુખ પદે ઝુબેર ચૌહાણની બિનહરીફ વરણી

સાવરકુંડલા, તા. ૧૧

સાવરકુંડલા ખાતે નાની ઉંમરમાં કાયદાકીય ક્ષેત્રે સનદ મેળવીને છેલ્લા ૮ વર્ષથી પ્રેકિટસ કરતા યુવા એડવોકેટ ઝુબેર ચૌહાણની સાવરકુંડલા બાર એશોશીએશન (વકીલ મંડળ)ના બિનહરીફ વરણી કરવામાં આવેલ હતી.

સાવરકુંડલા મુસ્લિમ સિપાહી જમાતના ઉપપ્રમુખ પદે સેવા આપતા ઝુબેર ચૌહાણ ઘણા વર્ષો પછી મુસ્લિમ વકીલ મંડળના પ્રમુખ પદે આવ્યા છે અગાઉ દિનમહંમદભાઈ દલ સાવરકુંડલા બાર અસોસીએશનના પ્રમુખ પદે હતા બાદ યાકુબભાઈ રસભર્યા સાવરકુંડલા બાર એસોસીએશનના ઉપપ્રમુખ પદે બિનહરીફ વરણી થયેલ હતી જયારે સાવરકુંડલા બાર એસોસીએશનના



પ્રમુખ પદે બિનહરીફ વરણી ઝુબેર ચૌહાણ થતા વકીલ મિત્રો, શુભેચ્છકો સામાજિક સંસ્થાના અગ્રણીઓ અને વિશાળ મિત્ર વર્તુળ ધરાવતા ઝુબેર ચૌહાણને ૯૩૭૭૧૫૧૧૯૩૫૨ અભિનંદનની વર્ષા થઈ રહી છે.

## એગ્રીસ્ટેક પ્રોજેક્ટ : નોંધણી માટે ખેડૂતોએ ગામના તલાટી–ગ્રામ સેવકનો સંપર્ક કરવો

અમરેલી, તા.૧૧

એગ્રીસ્ટેક પ્રોજેક્ટ અંતર્ગત ફાર્મર રજિસ્ટ્રી પોર્ટલ તમામ જિલ્લાઓમાં પુનઃ કાર્યરત થયું છે. કેન્દ્ર સરકારની પી.એમ. કિસાન યોજનાના લાભાર્થીઓને તે યોજનાના આગામી હપ્તા માટે ખેડૂતોની આ પોર્ટલ પર નોંધણી ફરજિયાત છે. આ નોંધણી કરાવવાની પ્રક્રિયા નિઃશુલ્ક છે, માટે ખેડૂતોએ આ માટે કોઈ પણ પ્રકારની ફી આપવાની રહેતી નથી. આ પોર્ટલ પર જે ખેડૂતોએ નોંધણી કરાવી હશે તેમને પી.એમ. કિસાનનો આગામી હપ્તો મળશે.

ઈ–ગ્રામ કેન્દ્ર ખાતે નોંધણી કરાવવામાં આવે તો તે માટે કોઈ ચાર્જ આપવાનો રહેતો નથી. ખેડૂત નોંધણી માટે ભળતી કે ખોટી APK કે લિંક ન ખોલતા ગામના તલાટી અથવા ગ્રામ સેવકનો સંપર્ક કરી નક્કી કરવામાં આવેલા ઓપરેટર મારફતે નોંધણી કરાવવી.

ખેડૂત પોતાની રીતે–જાતે પણ સેલ્ફ રજિસ્ટ્રેશન પણ કરાવી શકે છે. સોશિયલ મીડિયામાં સેલ્ફ રજિસ્ટ્રેશન માટે આવતી ભળતી લિંકથી કે ખોટી વિગતોથી પ્રેરાવું નહિ, સાવચેત અને સચેત રહેવા ખેતી નિયામકએ અનુરોધ કર્યો છે, તેમ અમરેલી જિલ્લા ચીટનીશ ટુ કલેક્ટરએ એક અખબારી યાદીમાં જણાવ્યું




























*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)